RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 267* Date: 24.07.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મહારાષ્ટ્રમાં જળપ્રલયની સ્થિતિ, અનેક ગામો સંપર્ક વિહોણા

# મહારાષ્ટ્રમાં જળ બંબાકારઃ ત્રણ સ્થળે ભૂસ્ખલનથી ૪૪થી વધુના મોત



## રાયગઢ જિલ્લામાં ભૂસ્ખલન બાદ કાટમાળમાં દબાઇ જવાથી ૩૦થી વધુના મોત નિપજ્યા, ૧૫ લોકોને રેસ્ક્યુ કરાયા, એનડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું

*મુંબઈ,તા.૨૩*

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભૂસ્ખલન થયા બાદ કાટમાળમાં દબાઈ જવાથી ૪૪ લોકોના મોત થયા છે. મહાડ વિસ્તારમાં અલગ અલગ ત્રણ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. પહાડ ધસી પડવાથી જે કાટમાળ પડ્યો તેમાં અનેક લોકો દટાયા. હવે રેસ્ક્યૂ કરીને લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

જો કે શુક્રવારે બપોર સુધી ૩૫ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે હજુ પણ ૩૦થી ૩૫ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં કુલ ૧૫ લોકોને રેસ્ક્યૂ કરાયા છે. જ્યારે એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે રેસ્ક્યૂ ઓપરેશન કરી રહી છે.

મહારાષ્ટ્રમાં આજે સવારે મુંબઈમાં પણ અકસ્માત થયો. પૂર્વત્તર મુંબઈના પરા વિસ્તાર ગોવંડીમાં એક ઈમારત ધસી પડવાથી ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા અને ૧૦ જેટલા લોકો ઘાયલ થયા છે. આ ઘટના સવારે ૫ વાગે ઘટી. જ્યારે શિવાજી નગરમાં એક ઈમારત તૂટી પડી. ઘટના સમયે પીડિતો ઊંઘી રહ્યા હતા. બીજી તરફ રાયગઢના તલઈ ગામમાં ૩૫ ઘરો પર ભૂસ્ખલન થયુ હતુ જેને કારણે ૩૨ લોકોના મોત થયા છે જ્યારે ૭૦થી વધુ લોકો લાપતા થયા છે.

રત્નાગિરી જિલ્લામાં જગબુડી નદી ખતરાના નિશાનથી ૨ મીટર અને વશિષ્ઠ નદી ખતરાના નિશાનની નજીક એક મીટર ઉપર વહી રહી છે. કજલી, કોડાવલી, શાસ્ત્રી અને બાવંડી નદીએ પણ ખતરાના નિશાનને પાર કરી લીધો છે. કુંડલિકા, અંબા, સાવિત્રી, પાતાલગંગા, ગઢી અને ઉલ્હાસ નદી પણ ચેતવણીના સ્તર પર વહી રહી છે.

વરસાદને કારણે કોંકણ રેલ રૂટ પર કેટલીક જગ્યાએ લેન્ડસ્લાઈડ થઈ છે. રત્નાગિરી જિલ્લામાં વરસાદને કારણે રેલ સર્વિસ બંધ થઈ ગઈ હતી, તેનાથી અલગ-અલગ જગ્યાઓ ઉપર આશરે ૬ હજાર મુસાફર ફસાયેલા છે, તેમણે બહાર કાઢવા માટે NDRFની ટીમોને લગાવવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રના ચિપલૂન, કોલ્હાપુર, સતારા, અકોલા, યવતમાલ, હિંગોલી જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. ચિખલી વિસ્તારમાં ભારે વરસાદને કારણે લોકોના ઘરમાં પાણી ભરાઇ ગયુ છે. અહી પણ NDRFની ટીમ રેસક્યૂ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં અત્યારે અતિભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જનજીવન ખોરવાયું છે. સતારાના મહાબળેશ્વર હિલ સ્ટેશન પર ૪૮૦ એમએમ વરસાદ નોંધાયો છે. જે ૪૫ વર્ષનો રેકોર્ડ બ્રેક કરી ચૂક્યો છે. મહાબળેશ્વરના સતારાથી સંપર્ક તૂટ્યો છે કેમકે બંનેને જોડતો રસ્તો પૂરમાં વહી ચૂક્યો છે.

મહારાષ્ટ્રમાં વરસેલા મુશળધાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. સાથે જ અનેક જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. થાણે, રાયગઢ, રત્નાગીરી, સિંધુદુર્ગ અને કોલ્હાપુર સહિતના પાંચ જિલ્લામાં મેઘતાંડવથી હજારો લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. મુશળધાર વરસાદથી મહારાષ્ટ્રની લગભગ તમામ નદીઓ ગાંડીતૂર બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના લીધે બનેલો બનાવ દુઃખદ બાબત છે. મેં આ અંગે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે અને એનડીઆરએફના ડીજી એસએન પ્રધાન સાથે વાત કરી છે. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવકાર્યમાં લાગેલી છે. કેન્દ્ર ત્યાં શક્ય તેટલી બધી મદદ કરી રહ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે રાયગઢ જિલ્લાના તલાઈ ગામમાં ભૂસ્ખલનના લીધે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. કેટલાય સ્થળે બચાવકાર્ય જારી છે. મેં લોકોને નીકાળવાની સાથે ભૂસ્ખલન પ્રભાવિત ક્ષેત્રોમાં રહેતા લોકોને બીજે સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે.

## કોરોનાની ગતિ ધીમી પડીઃ ૨૪ કલાકમાં ૩૫૩૪૨ નવા કેસ, ૪૮૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાના કેસોમાં આજે કંઈક ઘટાડો જોવા મળ્યો છે. આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલ લેટેસ્ટ આંકડાઓ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૩૪૨ નવા કેસ સામે આવ્યા છે જ્યારે ૩૮૭૪૦ લોકો કોરોનાથી રિકવર થઈ ગયા છે. વળી, કોરોનાથી મરનારની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૩ લોકોના મોત થઈ ગયા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના કુલ ૩,૧૨,૯૩,૦૬૨ કેસ સામે આવી ચૂક્યા છે જ્યારે ૩,૦૪,૬૮,૦૭૯ લોકો રિકવર થઈ ચૂક્યા છે. વળી, દેશમાં અત્યાર સુધી ૪,૧૯,૪૭૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. હાલમાં હજુ પણ ભારતમાં કોરોનાના ૪,૦૫,૫૧૩ સક્રિય કેસ છે.

કોરોના રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધી ૪૨,૩૪,૧૭,૦૩૦ કોરોનાનો ડોઝ આપવામાં આવી ચૂક્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૫૪ લાખથી વધુ ડોઝ આપવામાં આવ્યો છે. દેશમાં અત્યાર સુધી રાજ્યોને કુલ ૪૩.૮૭ વેક્સીન પૂરી પાડવામાં આવી છે જેમાંથી ૨.૭૫ કરોડ વેક્સીનનો ડોઝ હજુ પણ ઉપલબ્ધ છે. વળી, કોરોના ટેસ્ટીંગની વાત કરીએ તો અત્યાર સુધી કુલ ૪૫,૨૯,૩૯,૫૪૫ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવી ચૂક્યો છે. વળી, ૨૨ જુલાઈએ ૧૬,૬૮,૫૬૧ લોકોનો કોરોના ટેસ્ટ થયો છે. દેશમાં સંક્રમણના દરની વાત કરીએ તો તે સતત ૩૨માં દિવસે પાંચ ટકાથી ઓછો રહ્યો છે, તે ૨.૧૨ ટકા છે.

વળી, દેશમાં કોરોનાની ત્રીજી લહેરનુ જોખમ હજુ પણ યથાવત છે. એઈમ્સ દિલ્લીના ડાયરેક્ટરે સંભાવના વ્યક્ત કરી છે કે કોરોનાની ત્રીજી લહેર સપ્ટેમ્બર મહિનામાં આવી શકે છે. તેમણે કહ્યુ કે કોરોના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ જે રીતે પર્યટન સ્થળોએ લોકોની ભીડ જમા થઈ રહી છે તે સંક્રમણના જોખમને વધારી રહી છે.

### રાજકીય વગ ધરાવતા લોકોને વિશેષાધિકાર મળી જતો નથી

## દેશમાં ધનવાનો અને ગરીબો માટે જુદો-જુદો કાયદો ન હોઈ શકેઃ સુપ્રીમ



ન્યુ દિલ્હી,તા.૨૩

એમપી કોંગ્રેસના નેતા દેવેન્દ્ર ચોરસિયાની હત્યાના કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે મહત્વની ટીપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશમાં ધનવાનો અને ગરીબો માટે અલગ અલગ કાયદો હોઈ ન શકે. જે કાયદો ગરીબોને લાગુ પડે છે એ જ કાયદો ધનવાનોને પણ લાગુ પડે છે.

ન્યાયમૂર્તિ ડી વાઈ ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ એમ આર શાહની બેંચે મધ્યપ્રદેશ કોંગ્રેસના નેતા દેવેન્દ્ર ચોરસિયાની હત્યાના કેસમાં સુનાવણી કરી હતી. નીચલી કોર્ટે આરોપીના જામીન મંજૂર કરી દીધા હતા. તેને રદ્દ કરીને સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશમાં જે કાયદો સામાન્ય લોકોને લાગુ પડે છે એ જ કાયદો ધનવાન અને રાજકીય વગ ધરાવતા લોકોને લાગુ પડે છે.

### એમપી કોંગ્રેસના નેતા દેવેન્દ્ર ચોરસિયાની હત્યાના કેસમાં બસપા ધારાસભ્યના પતિને મળેલા જામીન સુપ્રીમે રદ કર્યા

રાજકીય પાવર હોય એટલે કાયદામાં છૂટછાટ મળી શકે નહીં.

દેવેન્દ્ર ચોરસિયાની હત્યા મુદ્દે મધ્યપ્રદેશના બહુજન સમાજ પાર્ટીના ધારાસભ્યના પતિને અગાઉ નીચલી કોર્ટે જામીન આપી દીધા હતા. તે સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ન્યાયમૂર્તિના વ્યકિતગત નિર્ણય લેવામાં અને સંબંધિત કાયદા અંતર્ગત કાર્યવાહી કરવામાં ન્યાયપાલિકાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થવું ન જોઈએ. ન્યાયપાલિકા અને કાર્યપાલિકાના વિભાજનમાં ઉલ્લંઘન થવું ન જોઈએ. ન્યાયતંત્ર રાજકીય દખલગીરીથી મુકત રહેવું જોઈએ. ન્યાયપાલિકા ઉપર રાજકીય દબાણ કરવાનું વલણ બિલકુલ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓએ કહ્યું હતું કે કાયદો ધનવાનો અને ગરીબો એમ બધા માટે સમાન છે. જે કેસમાં ગરીબ આરોપીના જામીન મંજૂર ન થઈ શકે એવા જ બીજા કેસમાં ધનવાન આરોપીના જામીન મંજૂર થાય તે યોગ્ય નથી. જિલ્લા કક્ષાની ન્યાયપાલિકા સાથે અંગ્રેજોના સમયનું વર્તન વગદાર લોકોએ બદલવું પડશે. ન્યાયતંત્ર સત્યની સાથે ઊભું રહે છે ત્યારે ઘણાં વગદાર લોકો તેમાંના લોકોને નિશાન પણ બનાવતા હોય છે, જે બિલકુલ યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટે મહત્વની ટીપ્પણી કરતા ઉમેર્યું હતું કે દેશમાં ઘણાં લોકો હજુય અંગ્રેજો વખતની માનસિકતામાં જીવે છે અને માને છે કે ધનવાનો ઉપર સુધી સંપર્ક લગાવીને છૂટછાટ મેળવી લેશે. પરંતુ દેશના બંધારણમાં હવે એ શકય નથી. રાજકીય વગદાર, ધનવાન અને સાધન સંપન્ન માણસે પણ એ જ કાયદો પાળવો પડશે, જે કાયદો દેશનો સામાન્ય ગરીબ અને છેવાડાનો માણસ પાળે છે.

### પેગાસસ સ્પાયવેરની યાદીમાં નવો ખુલાસો

## અનિલ અંબાણી અને પૂર્વ સીબીઆઇ પ્રમુખ આલોક વર્માના પણ નામ

ન્યુ દિલ્હી,તા.૨૩

ઈઝરાયલી કંપની એનએસઓના જાસૂસી સોફ્ટવેર પેગાસસની યાદીમાં બે મોટા નામનો ખુલાસો થયો છે. એક સમાચાર અનુસાર જાસૂસી યાદીમાં ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને સીબીઆઇના પૂર્વ પ્રમુખ આલોક વર્માનું પણ નામ સામેલ કરવામાં આવ્યુ હતું.

રિપોર્ટ અનુસાર, આલોક વર્માને કેન્દ્ર સરકારે ૨૦૧૮માં સીબીઆઇના પ્રમુખના પદેથી હટાવ્યા હતા. તેના તુરંત બાદ વર્માનું નામ પેગાસસની યાદીમાં સામેલ કરવામાં આવ્યુ હતું. આ સાથે જ અનિલ અંબાણી અને અનિલ ધીરૂભાઇ અંબાણી સમૂહના કોર્પોરેટ કોમ્યૂનિકેશન અધિકારી ટોની જેસુદાસન સાથે તેમની પત્નીનું નામ પણ યાદીમાં સામેલ કરવામાં આવ્યુ હતું. જોકે, રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યુ કે તેની પૃષ્ટી નથી કરી શકાતી કે અનિલ અંબાણી વર્તમાનમાં તે ફોન નંબરનો ઉપયોગ કરે છે કે નથી કરતા. એડીએ તરફથી હજુ સુધી કોઇ પ્રતિક્રિયા આવી નથી. રિપોર્ટ અનુસાર, ભારતમાં દસો એવિએશન (રાફેલ બનાવનારી કંપની)ના પ્રતિનિધિ વેંકટ રાવ પોસિના, સાબ ઈન્ડિયાના પ્રમુખ ઈન્દ્રજીત સિયાલ અને બોઈંગ ઈન્ડિયાના પ્રમુખ પ્રત્યૂષ કુમારના નંબર પણ ૨૦૧૮ અને ૨૦૧૯માં વિવિધ સમયમાં લીક આંકડામાં સામેલ છે. આ સાથે જ ફ્રાંસની કંપની એનર્જી ઈડીએફના પ્રમુખ હરમનજીત નેગીનો ફોન પણ લીક આંકડામાં સામેલ છે. મહત્વપૂર્ણ છે કે ફ્રાંસથી રાફેલ ડીલને લઇને વિપક્ષના નેતા કેન્દ્ર સરકાર પર અનિલ અંબાણીને ફાયદો પહોચાડવાનો આરોપ લગાવતા રહ્યા છે. પેગાસસ પ્રોજેક્ટ વિશ્વભરના ૧૭ મીડિયા સંસ્થાનોના જર્નાલિસ્ટનું એક ગ્રુપ છે, જે એનએસઓ ગ્રુપ અને તેના સરકારી ગ્રાહકોની તપાસ કરી રહ્યુ છે. ઈઝરાયલની કંપની એનએસઓ સરકારોને સર્વિલાન્સ ટેક્નોલોજી વેચે છે. જેની મુખ્ય પ્રોડક્ટ છે- પેગાસસ, જે એક જાસૂસી સોફ્ટવેર અથવા સ્પાયવેર છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૬૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૬૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૨૨૩**

## પેગાસસ જાસૂસી કાંડઃ રાહુલ ગાંધીએ અમિત શાહનું રાજીનામું માંગ્યું

ન્યુ દિલ્હી,તા.૨૩

ઈઝરાયેલી સ્પાયવેયર પેગાસસ દ્વારા જાસૂસીનો વિવાદ અટકવાનું નામ જ નથી લેતો. આ મુદ્દે શુક્રવારે કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કરીને ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માગ્યું છે. રાહુલે કહ્યું હતું કે મારો ફોન ટેપ કરવામાં આવ્યો છે. આ મારી પ્રાઈવસીનો મુદ્દો નથી. હું જનતાનો અવાજ ઉઠાવું છું. નરેન્દ્ર મોદીએ આ હથિયારનો આપણા દેશ વિરુદ્ધ ઉપયોગ કર્યો છે. ગૃહમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. વડાપ્રધાન અને ગૃહમંત્રાલય સિવાય કોઈ એ એપ્લાઇ કરી શકે નહીં.

કોંગ્રેસનેતાએ કહ્યું હતું કે પેગાસસને ઈઝરાયેલી સરકારે હથિયાર તરીકે ક્લાસિફાઈ કર્યું છે. આપણા વડાપ્રધાન અને ગૃહમંત્રીએ લોકતંત્ર વિરુદ્ધ એનો ઉપયોગ કર્યો છે. આ જનતાના અવાજ પર આક્રમણ છે. તેમણે કહ્યું હતું કે સવાલ એ નથી કે અનિલ અંબાણીનો ફોન ટેપ થયો. સવાલ એ છે કે જ્યારે સીબીઆઈ ફરિયાદ નોંધવાની હતી તેના એક કલાક પહેલાં સીબીઆઈ નિર્દેશકનો ફોન ટેપ કરીને તેમને બ્લેકમેઈલ કરવામાં આવ્યા.

રાહુલે કહ્યું- ઈન્ટેલિજન્સના ઘણા અધિકારી મને કહી ચૂક્યા છે કે સર તમારો ફોન ટેપ થઈ રહ્યો છે. મારા મિત્રોને કહેવામાં આવે છે કે રાહુલ ગાંધીને કહી દેજો કે તેમણે ફોન પર આ વાત કરી હતી, પરંતુ હું ડરતો નથી અને મને કોઈ ફેર નથી પડતો.

રાહુલે કહ્યું હતું કે પેગાસસ જાસૂસીનું સોફ્ટવેર છે. ભારતમાં પેગાસસ હથિયારમાં કેટેગરાઈઝ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટ અને રાફેલની તપાસ રોકવા માટે પેગાસસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગૃહમંત્રી અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ કાયદાકીય તપાસ થવી જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વભરમાં જંગલોનો સફાયો થઇ જશે તો......?

***વિશ્વના દેશો વિકાસની આંધળી દોડમાં માનવજાત, પશુ-પક્ષી સહિતના જીવોને ઓક્સિજન આપતા વૃક્ષોનું આડેધડ મોટા પ્રમાણમાં નિકંદન કાઢી રહ્યા છે. તે સાથે લગભગ દેશો જળ અને વાયુ પ્રદૂષણ મોટા પ્રમાણમાં પેદા કરી રહ્યા છે. જેની સામે કુદરત વિવિધ રીતે વિશ્વના દેશોને ચેતવણી આપતી આવી છે છતાં વિશ્વના દેશો આ બાબતને ગંભીરતાથી લેતા નથી ત્યારે લાગે છે કે વિકાસની આંધળી દોડમાં સમગ્ર જવ સૃષ્ટી માટે દોઝખ ઊભુ થઈ જશે અને માનવજાત, પશુ પક્ષી સહિતના જીવો અને અંતિમ મંજીલ જનારાઓની સંખ્યા બેહદ વધી જશે.....! માનવ જાત, પશુ- પક્ષીઓ સહિતના જીવોને જીવવા માટે ઓક્સિજન મળતો રહેવો જરૂરી છે. અને તે ઓક્સિજન કુદરતી સંપદા પૂરો પાડે છે જેમા વૃક્ષો અને સમુદ્રી શેવાળ સહિતની સમુદ્રી વનસ્પતિ વગેરે મુખ્ય છે.તો રોગો પેદા કરતા ફેલાવતા જીવ જંતુ પક્ષીઓનો આહાર છે. ઉપરાંત પક્ષીઓ જે તે વૃક્ષોના ફળો આરોગે છે અને તે અહીં તહીં ઉડતા રહેતા ગમે ત્યાં હંગાર કરતા રહેછે તેની હંગારમા ખાધેલ વૃક્ષ ફળના બીજ હોય છે અને અનુકૂળ જગ્યાએ તે બીજમાથી વૃક્ષ ઊગી નિકળે છે એટલે પક્ષીઓ પણ માનવજાત માટે ઉપયોગી છે. આ બધું આદીઅનાદિ કાળથી જગજાહેર હોવા છતાં જે તે દેશો વિકાસની આંધળી દોડમાં વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે. ત્યારે "ગ્લોબલ ફોરેસ્ટ વોચ" કે જે વિષુવૃત પાસે આવેલા જંગલો કે જેને ટ્રોપિકલ ફોરેસ્ટ કહેવામાં આવે છે તે જંગલો સહિતના જંગલોનું અધ્યયન કરતું રહે છે. કારણ આ ગાઢ જંગલોનો ધરતી પરનું વાતાવરણ સાચવવામા મહત્વનો ફાળો છે. જ્યારે કે વિશ્વના દેશો આ જંગલોને ઓક્સિજનની ફેક્ટરી કહે છે. પરંતુ ચિંતાજનક બાબત એ છે કે ૨૦૨૦ માં સમગ્ર વિશ્વમાંથી ૧,૨૨,૦૦૦ ચોરસ કિલોમીટર જંગલો કપાયાં છે. અને આ અહેવાલ ગ્લોબલ ફોરેસ્ટ વોચ એ જાહેર કરેલ છે. આ વૃક્ષો કાપી નાખલા ગાઢ જંગલો પૈકી ત્રીજા ભાગના જંગલો એવા હતા કે જ્યાં માનવ પ્રવૃતિઓ ખાસ હતી જ નહીં એટલે કે સાચા અર્થમાં ગાઢ જંગલો હતા. અને તેનુ નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે. જોકે જે તે દેશોમાં માનવ વસાહતો ઊભી કરવામાં આવે છે ત્યા ઊભેલા ગાઢા વૃક્ષોને પણ કાપી નાખવામાં આવે છે. ત્યારે માનવજાત એ નથી વિચારતી કે વૃક્ષો માનવીઓને ઓક્સિજન આપે છે, અને ગરમીના સમયમાં એવી સ્થિતિ બને છે કે વૃક્ષ કાપી નાખ્યા પછી છાંયો લોકો છાંયો શોધતા હોય છે......!***

***વૈશ્વિક સંસ્થા "ગ્લોબલ ફોરેસ્ટ વોચ" ના અહેવાલ અનુસાર કપાયેલા જંગલો પૈકી ૪૨ હજાર ચોરસ કિલોમીટર જંગલો પ્રાઇમરી હતાં. જે કપાતા તેના દ્વારા શોષાતો કાર્બન હવામા ફેલાશે જેનુ વાર્ષીક પ્રમાણ ૨.૬૪ અબજ ટન જેટલું થાય છે. ભારતમાં ૨૦૨૦ દરમિયાન ૩૮૫ ચોરસ કીલોમીટર જંગલો કપાયાં હતા. આ આંકડો ગાઢ જંગલોનો છે જ્યારે કે માનવીય પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાંના આપવામાં આવેલ વૃક્ષો અલગ. વિશ્વમાં સૌથી વધુ જંગલો કાપવામાં રશિયા પ્રથમ ક્રમે છે અને ઇન્ડોનેશિયા સૌથી ઓછા ક્રમે વૃક્ષો કાપવામા છે. વિવિધ દેશો પૈકી મેક્સિકોએ ૬૮૦ ચોરસ કિલોમીટર જંગલો કાપી નાખ્યા છે, મલેશિયાએ ૭૩૦ ચો.કિલોમીટર, લાઓસમા ૮૨૦ તો. કિલોમીટર, કેમેરોન- ૧૦૦૦, કોલંબિયા- ૧૬૬૦, પેરુ ૧૯૦૦, ઈન્ડોનેશિયા- ૨૭૦૦, બોલિવિયા- ૨૭૬૦, કોંગો- ૪૦૦૦, બ્રાઝિલ- ૧૭૦૦૦, પેરાગ્વે- ૬૩,૦૦૦, મલેશિયા- ૮૪,૦૦૦, ઓસ્ટ્રેલિયાએ ૮૫,૦૦૦ ચોરસ કિલોમીટર જંગલોનો સફાયો કરી નાખ્યો છે. જ્યારે કે સૌથી વધુ જંગલોનુ નિકંદન કાઢી નાખવામાં આવ્યુ તેમાં ચીન- ૧,૦૩,૦૦૦ ચોરસ કિલોમીટર, કોંગો- ૧,૫૯,૦૦૦, ઇન્ડોનેશિયા- ૨,૭૭,૦૦૦, અમેરિકા- ૪,૨૨,૦૦૦, કેનેડા- ૪,૪૧,૦૦૦, બ્રાઝિલ- ૫,૯૮,૦૦૦ અને રશિયાએ ૬,૯૫,૦૦૦ ચોરસ કિલોમીટરમા જંગલોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે. વિજ્ઞાનીઓ અવારનવાર સલાહ આપતા રહે છે કે કોરોના જેવા અન્ય વાયરસો જંગલમાં રહે છે. જે જંગલો કાપવાથી માણસ જાત સુધી પહોંચે અને રોગો ફેલાવાની શરુઆત કરે.... એટલે ગાઢ જંગલો કાપવાથી જે તે દેશો દૂર રહે. પરંતુ વિજ્ઞાનીઓની સલાહ માને એ બીજા અને જંગલો કાપતા રહે છે....ભવિષ્યમા જંગલોનો સફાયો થઇ જશે તો તેનાં પરિણામ કેવાં હશે.....?***

## ગુરુ વંદના



તું નોધારાંનો આધાર.
અસાધ્ય ની સારવાર.
તને વંદીએ વારંવાર
ગુરુ તણો મહિમા અપરંપાર.
ગુરુ તે તો કાચ ને કંચન કીધાં,
આંસુ અમારાં પીધાં.
આશરો તારો હરિદ્વાર.
ગુરુ તણો મહિમા અપરંપાર.
હું તો ભટકત દુનિયાનાં છેડે,
પાયરીમાં બેસત સાવ છેલ્લે.
ફૂળ અજવાળ્યા તે ભરથાર.
ગુરુ તણો મહિમા અપરંપાર.
હળવે હાથે ખૂંદયા અભિમાન.
સેવા,સ્મરણ એ જ તારું વરદાન.
હાથ ઝાલી પાર તરાવ્યો સંસાર.
ગુરુ તણો મહિમા અપરંપાર.
સત્ય,પ્રેમ ના ધર્મ ને મળાવી.
સીધી લીટી તે કર્મ ની કરાવી,
કરુણા ઘોડે કરાવ્યો અસવાર.
ગુરુ તણો મહિમા અપરંપાર.
બાકી રહેલાં શ્વાસે રહેજે.
ભવસાગરનાં વિશ્વાસે વહેજે.
જિંદગી જેમ મોત સુધારજે કિરતાર.
ગુરુ તણો મહિમા અપરંપાર.
અપરાધ કોટિ મારાં માફી આપજે .
બંધન કર્મનાં,આ ભવે તો કાપજે.
જેવું તેવું તો ય હું તારું જ બાળ.
ગુરુ તણો મહિમા અપરંપાર.
મત્તલ ખેતાણી,રાજકોટ

# ગુરુ પૂર્ણિમા - સત્ય ઘટના

આજે તો મારા દીકરા દીકરીની જીદને ખાતર , હું , દીકરા દીકરી અને મારા પતિ સાથે અમદાવાદ ની કર્ણાવતી કલબમાં અમારા ફેવરીટ ટેબલ પર ડિનર માટે બેઠી હતી. આમ તો મારી પાસે.આ કલબની ફેમિલી મેંમ્બેરશીપ છે. એટલે અહી રેસ્ટોરેન્ટમાં લગભગ અમને રોયલ ટ્રીટમેન્ટ જ મળે. અને આજે રવિવાર હોવાથી આજુબાજુના ટેબલ પર જાણીતા ચેહારાઓ જ હતા.

મારી દીકરીને અને મને અહીનું કોંટીનેન્ટલ ફૂડ બહુ જ ભાવતું. ખાસ તો રશિયન સલાડ અને ઈટાલિયન પીઝા.

ત્યાં જ મારી કોલેજની નિધિ એના પરિવાર સાથે રેસ્ટોરન્ટમાં દાખલ થયી અને મારી બાજુના જ ટેબલ પર ગોઠવાઈ.

એણે મને સ્મિત આપીને બોલાવી. મારે ના છૂટકે સામે સ્મિત આપવું પડ્યું. પણ મારે એની સાથે વાત નહોતી કરવી.

એ એના પતિ, અને બે દીકરીઓ સાથે આવી હતી.

મને ખ્યાલ છે ત્યાં સુધી એની એવી કેપેસિટી તો ન જ હતી કે એ આ કલબની મેમ્બર થવાનું તો દૂર, એના રેસ્ટોરન્ટનું બિલ પણ ચૂકવી શકે.

×આજે મારી દીકરીનો જન્મ દિવસ છે × વગર પૂછયે જ એણે મને કહ્યું. મેં માત્ર લગભગ અણગમો છતો ન થાય એ રીતે સ્મિત આપીને મારા મોબાઈલમાં ધ્યાન આપ્યું.

અમારો ઓર્ડર તો અપાઈ જ ગયો હતો. હું વારે વારે નિધિ અને એના પતિને જોતી હતી.

વેઈટર ૧૦ મિનિટથી એમના ટેબલ પાસે ઓર્ડર લેવા ઉભો હતો. પણ તેઓ કશું જ ફાઈનલ કરી શકતા ન હતા. વેઈટર ની ધીરજ ×પ્લીઝ સર, ઓર્ડર સર, પ્લીઝ મેમ× કહીને સુકાઈ ગયી હતી. એ પણ કંટાળ્યો હતો.

વચ્ચે જઈને એણે આજુબાજુના ચાર ટેબલ ના ઓર્ડર લઈ લીધા.

કદાચ આ મોંઘી હોટલના ભાવ જોઈને જ એમની હાલત બગડી ગયી હતી. એ તો નિધીને જોઈને જ મને ખ્યાલ આવી ગયો.

×કેપેસિટી ન હોય તો શા માટે આવતા હશે સારી હોટેલ માં બર્થ ડે સેલિબ્રેશન માં× હું મનમાં બબડી.

થોડીવારમાં મારો ઓર્ડર આવી ગયો. આજુબાજુના બધા જ ઓર્ડર આવી ગયા.

લગભગ અડધો કલાક થયો હશે. બધા વેઈટર અમારા તથા આજુબાજુના ટેબલ પર ફૂલ સર્વિસ અને સેવા આપતા હતા.

એમને પણ ખબર જ હોય ને કે સારી ટીપ ક્યાંથી મળે એટલે એ જ ટેબલ પર ફરવાનું હોય ને.

પાણી પી પી ને નિધિ અને એનો પરિવાર થાક્યો હતો. અકળાઈ ગયા હતા. બે ત્રણ વાર વેઈટર ને બોલાવીને એમણે પૂછ્યું. વેઈટર પણ..× ફાઈવ મિનિટ સર × કહીને ભાગી જતો. એને પણ ખબર પડી ગયી હતી કે અહીથી કોઈ ટીપ મળે એવું નથી.

મને પણ મનમાં થયું કે એક સબ્જી અને રોટી સિવાય આ લોકોએ કઈ મંગાવ્યુ જ નથી તો વાર કેમ લાગી. હશે આપણે શું.

કલબ વાળા પણ મોટે ભાગે ઘરાક જોઈને ટ્રીટમેન્ટ આપે.

મને મળતી ટ્રીટમેન્ટ જોઈને નિધિની આંખ ફાટી પડી હતી. ઈર્ષા થી. એની દીકરીઓ પણ અમને ભોજન કરતા જોઈ રહી હતી.

નજર ન લગાડે તો સારું.

થોડીવાર માં કિચનમાંથી એક ટ્રોલીમાં એક મોટી કેક, અને ફૂલ સ્ટાર્ટર, અને લગભગ અલગ અલગ ૨૦ ડિશો સાથે રેસ્ટોરન્ટના મેનેજર, ચીફ શેફ અને પાંચ છ વેઈટર આવ્યા. અને નિધિ ના ટેબલ પર બધું સજાવવા મંડ્યા.

× અમે આ બધું નથી મંગાવ્યું , આ કોઈ બીજા ટેબલનો ઓર્ડર છે × નિધિ લગભગ ગભરાઈને બોલી.

×એવું જ હોય ને× હું પણ બોલી. રેસ્ટોરન્ટમા બધા જ જોઈ રહ્યા.

×નિધિ મેડમ, માફ કરજો તમારો ઓર્ડર બનતા વાર લાગી. કારણકે તમારી એક એક ડિશ આજે ચીફ શેફે જાતે તૈયાર કરી છે. અને સ્પેશિયલ બનાવી છે.

બાકીના ટેબલ ને ઉતાવળ હતી એટલે એમને અમારા જુનિયર કુકનું ફૂડ આપવામાં આવ્યું છે.

જ્યારે અમારા તમામ બેસ્ટ શેફ આજે આ વાનગીઓ અને કેક બનાવતા હતા.




મેનેજર અત્યંત વિવેકપૂર્વક બોલ્યો.

નિધિ જ નહી મારી આંખો પણ ઈર્ષ્યાથી ફાટી પડી. આનું બિલ કેટલું થાય.

નિધિ લગભગ ઘભરાઈ જ ગયી. એનો પતિ પણ.

હજુ એમણે એ જ રટણ ચાલુ રાખ્યું કે આ અમારો ઓર્ડર નથી. બિલ ચુકવવાની બીકથી નિધિ અને એના પતિના મોતીયા મરી ગયા હતા.

ત્યાંજ પાછળથી સૂટ બુટ માં એક જાજરમાન વ્યક્તિએ આવીને નિધિના પગ પકડી લીધા. અને નિધિ લગભગ ઘભરાઈ પણ ગયી અને એ વ્યક્તિને ઓળખવાની કોશિશ કરતી હતી.

હું ઓળખી ગયી. છેલ્લા ૫ વર્ષથી કર્ણાવતી કલબના ચેર પર્સન, શહેરના નામી બિલ્ડર અને અબજોપતિ ઉદ્યોગપતિ ગણેશ પટેલ , આ નિધીને કેમ પગે પડે છે ? રેસ્ટોરેન્ટમાં બધાને જ નવાઈ લાગી.

× બેન મને ના ઓળખ્યો, અરે હું ગણેશ , પ્રાયમરી સ્કૂલમાં મારી પાસે ચોપડી કે એક ટાઈમ લંચ બોક્સ ના પણ પૈસા ન હતા ત્યારે તમે જ મને જમાડીને, ભણાવ્યો હતો. હું તો ભૂલી જ ગયો હતો તમને. પણ આજે તમે મળ્યા ×

લગભગ આંસુ સાથે ગણેશ બોલ્યો. × બેન આજનો આ ઓર્ડર મારા તરફથી એક નાની ગુરુ વંદના છે, ગુરુ પૂર્ણિમાના દિવસે. ×

× અને હા આજથી તમેં શહેરમાં ચાલતી મારી શાળાના આચાર્ય પદે આવશો તો મારુ જીવન સફળ થયી જશે. અને હા આપના પતિએ ઘણી વાર મને એમના બાઈક પર બેસાડીને મારા જુના ઘર સુધી મૂકી ગયા છે, એ કેમ ભુલાય. આજે કરોડોની ગાડીમાં પણ એ મજા નથી આવતી.

એમને પણ વંદન સાથે વિનંતી કે સર મારી ૨ કંપનીઓ માં આપના નામનું ડિરેક્ટ પદ ખાલી છે...પ્લીઝ આવો . તો.મારુ જીવન સફળ થયી જશે.

આજે હું જે કાંઈ પણ છું તમારે બંને ને લીધે જ છું.

ગણેશ લગભગ હાથ જોડીને રડતા રડતા બોલ્યો.

ત્રણ વ્યક્તિઓ નિધિ, એના પતિ, અને ગણેશ હર્ષશ્રુ સાથે દીકરીઓ સાથે કેક કાપતા હતા. અને રેસ્ટોરેન્ટ માં બધા ×હેપ્પી બર્થ ડે × ની સુરવાલીઓ રેલાવી રહ્યા હતા.

આવી ઉત્તમ ×ગુરુ પૂર્ણિમા× મેં જીવનમાં કદી જોઈ નહોતી.

જીવન નું પણ આવું જ છે.

જો તમને લાગે કે તમારા મિત્રમંડલ, સગાવાહલાઓ, કે કોઈ ને વહેલી સુખ સાહેબી, ધન , વૈભવ , મળી જાય તો ચિંતા નહી કરવાની.

દુનિયાનો બેસ્ટ શેફ તમને દુનિયાની શ્રેષ્ઠ કેક આપવા તૈયાર જ છે...

બસ ધરીજ થી રાહ જુઓ.

૨ દિપાલી લીમકર ×દીપ×

# ગુરૂ વંદના

"તું જ તારો ગુરૂ થાને......."

હા આજે હું જે જગ્યાએ છું એ મારા માર્ગદર્શક અને જીવનના પથદર્શક એવા મારા પરમ ગુરૂ એવા કેશવ (કૃષ્ણ ) ને હું સહૃદયી સ્વરૂપે વંદન કરું છું. મનથી જ એમની પ્રેરણા પામતી રહી છું ને લખતી ગઈ છું એવા ગુરૂ ને શત્ શત્ નમન.

હા ગુરૂ પરંપરા ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલી છે. સૈકાઓથી લોકોને અંધકાર માં થી ઊજાસ તરફ દોરી જનાર, રાહ બતાવનાર ઘણા સદગુરુઓ થઈ ગયા. હા સમય બદલાતા લોકોને ગેરમાર્ગે દોરતાં , અંધશ્રદ્ધા માં પટકતાં, ચમત્કારીક વાતો દ્વારા સંમોહિત કરીને અજ્ઞાની ભક્તો નું શોષણ કરતાં ગુરૂ ઓની જાણે હાટડીઓ મંડાણી હોય એવો પણ સમય આવ્યો.

ભગવા ધારણ કર્યા વિના આત્મા ને શુદ્ધ રાખી ધર્મનું ચિંતન , મનન, અને ધ્યાન-સ્મરણ નું મહત્વ સમજાવતાં ગુરૂ ઓ પણ હતાં..... કેટલા....??ગણ્યા.... ગાંઠ્યા.... આંગળીને વેઢે ગણી શકાય.

આજના યુગમાં શાકની દુકાન કે પાનના ગલ્લા ની જેમ વ્યાભિચારી ઢોંગી અને જેને ઠગભગત પણ કહી શકીએ એવા બની બેઠેલા ગુરૂ ઓનો જાણે રાફડો ફાટી નીકળ્યો છે. અજ્ઞાની પ્રજા એમની ભક્ત બની બેસે છે પણ આવા બની બેઠેલા ગુરૂઓની લંપટલીલા જ્યારે ભક્તો ની સામે આવે છે ત્યારે એજ ભક્તો નું માથું શરમથી જુકી જાય છે.

હા સદગુરુ નું જીવન , વર્તન, વાણી, અને એમની પ્રવૃત્તિ પણ વંદનીય હોય છે. ભગવાન દત્તાત્રેય તો કેટલાક પ્રાણીઓ ને પણ પોતાના ગુરૂ માનતા હતા. અરે, એમણે તો વેશ્યા ને પણ પોતાની ગુરૂ બનાવી હતી.૨૪ (ચોવીસ ) ગુરૂ બનાવી ને દરેક માં થી કાંઈક નવું શીખવા મળે એજ ભાવના રહી હતી એમની.

ઉદાહરણ તરીકે :- એક કીડીને ગુરૂ માની તો એમાં થી પણ એજ જ્ઞાન પ્રાપ્ત થયું કે કપરા માં કપરી પરિસ્થિતિ આવે તો પણ હિંમત ના હારવી જોઈએ. પરંતુ એકવાર હારો તો બીજીવાર બેવડી હિંમત થી મહેનત કરો સફળ જરૂર થશો. બસ આજ ગુરૂ...... અને આવાજ આપણા થઈ ગયેલા ગુરૂ ઓની મહિમા અપરંપાર છે.

"વેદકાળ થી પ્રસ્થાપિત થયેલી અને ચાલી આવતી આ અષાઢી પૂર્ણિમા ના દિવસે ઊજવાતી ગુરૂપૂર્ણિમા ની પરંપરા છે....."

શ્રી રામચંદ્ર ના ગુરૂ વશિષ્ઠ વિશ્વામિત્ર હતા.

શ્રી કૃષ્ણ સુદામા નાં ગુરૂ સાંદિપની હતાં.

શ્રી શંકરાચાર્ય નાં ગુરૂ ગોવિંદાચાર્ય હતા.

શ્રી કબીરના ગુરૂ રામાનંદ હતાં.

પાંડવો નાં ગુરૂ શ્રી દ્રોણાચાર્ય હતાં.

વિવેકાનંદ ના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ હતાં.

આમ આવા ગુરૂ ઓની પરંપરા અનાદિકાળથી ચાલી આવી છે.

પણ ગુરૂ એજ સાચા હોય જે આધ્યાત્મિક , ક્ષેત્રે આત્મા માં પરમાત્મા નાં દર્શન કરાવે.

"રમણ મહર્ષિ એ કહ્યું છે કે, : ઈશ્વર દર્શન માટે ગુરૂકૃપા જોઈએ અને ગુરૂકૃપા માટે ઈશ્વર કૃપા જોઈએ. "

એક સાચો ગુરૂ ઈશ્વર સમાન છે.

" કબીરજી એ સાચું જ કીધું છે કે પવિત્રતા જળવાય , સદ્‌ગુણો કેળવાય, આત્મજ્ઞાન થાય, વ્યસનોમાંથી મુક્તિ મળે, પાપ અટકે, કલ્યાણ થાય, એવા શુભ આશય માટે ગુરૂ જરૂરી છે, અને પોતે પણ પોતાના ગુરૂ બની શકીએ છીએ."

આત્મા શુદ્ધ હોવો જોઈએ અને સત્ય નાં માર્ગે ચાલવું જોઈએ.

હા પણ સાવધાન !! સ્વાર્થી , અંધશ્રધ્ધાળુ , ઢોંગી, અજ્ઞાની, લાલચુ, પાપી, લંપટ, એવા ગુરૂ ઓથી ચેતતા રહેવું એની એકના ડબલ કરવાની લાલચમાં સંમોહિત થઈને ફસાવું નહી.

બસ છેલ્લે એકજ વાત.......

"ગુરૂ જ વ્યક્તિ નાં જીવન ઘડતર ની મુખ્ય ભૂમિકા ભજવે છે, એક શિલ્પી જેમ પત્થર માં થી ટાંકણે ટાંકણે એક આબેહૂબ શિલ્પ ને સજાવે છે તેમજ ગુરૂ આપણા ચારિત્ર્ય નું ઘડતર કરે છે."

માટે જ આપણે પણ આવાજ સદગુરૂ ઓ એ ચીંધેલા માર્ગે ચાલીએ અને તેઓ આપણા ઊપર પ્રસન્ન થાય તેવું આદર્શ જીવન જીવવાનો પ્રારંભ કરીએ."

"ગુરુ બ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ."

**દીપિકા ચાવડા. " તાપસી**

# કોટનમાં ૫૭,૮૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૬૬,૫૦૦ ગાંસડીના સ્તરે

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૧૮ અને ચાંદીમાં રૂ.૪૧૯ની નરમાઈ: ક્રૂડ તેલમાં નોમિનલ સુધારો: કપાસ, કોટન, સીપીઓમાં વૃદ્ધિ: રબર, મેન્થા તેલ ઢીલા: બુલડેક્સ ફ્યુચર્સમાં ૯૯ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૦,૦૩૫ સોદાઓમાં કુલ રૂ.૧૧,૪૭૧.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જુલાઈ વાયદામાં ૯૯ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૪,૯૩૬ સોદાઓમાં કુલ રૂ.૪,૨૯૪.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૫૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૭૨૦ અને નીચામાં રૂ.૪૭,૩૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૮ ઘટી રૂ.૪૭,૪૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૨૨ ઘટી રૂ.૩૮,૧૩૭ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૪,૬૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૫૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૮૧ ઘટી રૂ.૪૭,૪૪૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૪૮૭ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૫૬૦ અને નીચામાં રૂ.૬૬,૮૭૬ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૧૯ ઘટી રૂ.૬૬,૯૫૫ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૬૧ ઘટી રૂ.૬૭,૨૩૨ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૫૮ ઘટી રૂ.૬૭,૨૩૩ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૯,૬૮૨ સોદાઓમાં કુલ રૂ.૨,૦૧૦.૨૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૩૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૩૭૭ અને નીચામાં રૂ.૫,૩૩૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮ વધી રૂ.૫,૩૫૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૦ વધી રૂ.૨૯૮.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪,૧૫૧ સોદાઓમાં રૂ.૪૫૪.૭૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૦૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૦૭ અને નીચામાં રૂ.૧૪૦૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ વધી રૂ.૧,૪૦૭ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૫૦૦ અને નીચામાં રૂ.૧૬,૯૪૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮ ઘટી રૂ.૧૭,૪૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૨૮.૫૦ અને નીચામાં રૂ.૧૧૧૫.૩૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪.૭૦ વધી રૂ.૧૧૨૬.૫૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ ઘટી રૂ.૯૪૦.૧૦ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૩૦ વધી રૂ.૨૬,૭૪૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૩૨૨ સોદાઓમાં રૂ.૨,૪૨૦.૫૮ કરોડનાં ૫,૦૮૫.૧૧૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૭,૬૧૪ સોદાઓમાં કુલ રૂ.૧,૮૭૩.૫૦ કરોડનાં ૨૭૭.૮૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૮,૦૬૧ સોદાઓમાં રૂ.૭૦૬.૮૩ કરોડનાં ૧૩,૨૦,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧,૬૨૧ સોદાઓમાં રૂ.૧,૩૦૩.૩૭ કરોડનાં ૪,૩૮,૩૦,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૬ સોદાઓમાં રૂ.૦.૨૩ કરોડનાં ૩૨ ટન અને કોટનના વાયદાઓમાં ૧,૪૪૬ સોદાઓમાં રૂ.૧૫૫.૨૭ કરોડનાં ૫૭૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૮૨૮ સોદાઓમાં રૂ.૩૨.૨૧ કરોડનાં ૩૩૬.૯૬ ટન, રબરના વાયદાઓમાં ૪૭ સોદાઓમાં રૂ.૦.૯૪ કરોડનાં ૫૫ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૮૨૪ સોદાઓમાં રૂ.૨૬૬.૧૨ કરોડનાં ૨૩,૭૮૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૬૮.૦૯૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૨૯.૮૬૭ ટન, ક્રૂડ તેલમાં ૬,૮૮,૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૮૫,૫૮,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૬૪ ટન, કોટનમાં ૧૬૬૫૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૧૯.૧૨ ટન, રબરમાં ૯૯ ટન, સીપીઓમાં ૮૬,૪૫૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૪૭ સોદાઓમાં રૂ.૧૪૦.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૯૦૯ સોદાઓમાં રૂ.૭૨.૬૬ કરોડનાં ૯૯૯ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૩૮ સોદાઓમાં રૂ.૬૭.૩૯ કરોડનાં ૮૬૯ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૯૩૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૭૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૫૬૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૫૯૦ અને નીચામાં ૧૪,૪૯૧ના સ્તરને સ્પર્શી, ૯૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૨ પોઈન્ટ ઘટી ૧૪,૫૦૧ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૪૮૦ના સ્તરે ખૂલી, ૧૦૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૬૩ પોઈન્ટ વધી ૧૫,૫૨૨ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૧,૩૦૧ સોદાઓમાં રૂ.૧,૨૬૧.૮૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨૯.૭૩ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪.૭૧ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૦૫.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું જુલાઈ રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬ ખૂલી, ઊપરમાં રૂ.૬૪ અને નીચામાં રૂ.૪૦ રહી, અંતે રૂ.૧૭.૫૦ ઘટી રૂ.૪૭.૫૦ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૬૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૧,૫૪૭ અને નીચામાં રૂ.૧,૩૩૦ રહી, અંતે રૂ.૬૬.૫૦ ઘટી રૂ.૧,૩૮૯ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૩.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૩ અને નીચામાં રૂ.૧૫૦.૬૦ રહી, અંતે રૂ.૯.૪૦ વધી રૂ.૧૬૨.૮૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું જુલાઈ રૂ.૪૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૧ અને નીચામાં રૂ.૨૫ રહી, અંતે રૂ.૨૧ વધી રૂ.૬૮ થયો હતો. જ્યારે ચાંદી ઓગસ્ટ રૂ.૬૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૬૦ અને નીચામાં રૂ.૧,૪૦૯ રહી, અંતે રૂ.૧૫૪.૫૦ ઘટી રૂ.૧,૫૧૫.૫૦ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૧.૯૦ અને નીચામાં રૂ.૧૫૩ રહી, અંતે રૂ.૧.૨૦ ઘટી રૂ.૧૬૫.૭૦ થયો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ







ગુરુ પૂર્ણિમા નિમિત્તે ગ્રુપ ના વડીલો ને વંદન આપડા ગ્રુપ ના સાહિત્યિક વડીલ ગુરુજનો ગ્રુપ ના દીદી માયાબેન દેસાઈ,ગ્રુપ ના દાદીશા જયશ્રીબેન પટેલ,ગ્રુપ ના સર્જકો ની રચના વાંચી ને પ્રતિભાવ આપતા વિભૂતિ બેન દેસાઈ,સતત માર્ગદર્શક રહેતા જયકાંતભાઈ ઘેલાણી,અને જેના વિદ્યાર્થી સર્જક આપણા ગ્રુપ માં છે તેવા શિક્ષણ ના ખૂબ અનુભવી રતિભાઈ વાયડા...જેવા મહાનુભાવો ને ગુરુપૂર્ણિમા નિમિતે ગ્રુપ ના સૌ સર્જકો વતી હું સંચાલક પ્રદીપ રાવલ,મીનાક્ષી રાવલ નત મસ્તકે પૂર્ણ સદભાવ થી વંદન કરીએ છીએ.

હવેના આધુનિક યુગ માં આ મહાનુભાવોની સાહિત્ય અને શિક્ષણ સેવા અવિરત જોવા મળે તેવું દૂર દૂર સુધી ક્યાંય દેખાતું નથી.. આપણા ગ્રુપ ના અહોભાગ્ય કે સ્વેચ્છાએ આ મહાનુભાવો ગ્રુપ ના મેમ્બર,વિદ્યાર્થી બનીને આપણી વચ્ચે રહી તેમની સાહિત્યિક ગાથા પીરસી રહ્યા છે અને આપણે સૌ માણીએ છીએ..ફરી ફરી પાંચેય વડીલ સભ્યો નું હું હૃદય પૂર્વક વંદન સાથે આભાર માનું છું.

સંચાલક/તંત્રી : પ્રદીપ રાવલ

---

ન્યૂઝઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય, રચના

વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ " વિષયક રચનાઓ. દિવસ - ૬ (૨૪-૭-૨૦૨૧)

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

## NOG SS No : 0022

વિષય : મોક્ષ માયા
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : હું

"રાજન, તમને આ? રીતે મોક્ષ નહીં મળે. તમે મોહમાયાથી બંધાયેલા છો. આપના કરતાં વધુ મોક્ષની અધિકારી નર્તકી સુવર્ણા છે." સાધુએ રાજા પૂર્ણસિંહની તરફ જોતાં કહ્યું.

રાજા આશ્ચર્યથી સાધુ તરફ જોઈ રહ્યો. તેણે કહ્યું, "મહારાજ, મેં પાછલાં એક વર્ષથી માંસ-મદિરાનો ત્યાગ કર્યો છે. તે ઉપરાંત સત્સંગનું આયોજન કરું છું અને તેમાં હાજરી પણ આપું છું. બ્રાહ્મણોને દાનદક્ષિણા આપું છું અને ગરીબો માટે અન્નછત્ર બાંધ્યાં છે. કર સાવ ઓછા કરી દીધાં છે. આટલાં સત્કર્મો છતાં હું મોક્ષનો અધિકારી ન કહેવાઉં ! અને લોકોને મદિરાપાન કરાવતી અને પોતાના મોહજાળમાં ફસાવતી નર્તકી સુવર્ણા કેવી રીતે?"

"રાજન, આપ અહીં જ ભૂલ કરી રહ્યા છો. આપ એમ સમજો છો કે આ તમે કરી રહ્યા છો અને 'હું'ના મોહમાં ફસાયા છો. તમે રાજા છો અને તમારે તમારા કર્તવ્યનું નિર્વહન કરવું રહ્યું. આપનાં પૂર્વજન્મનાં કર્મોને લીધે રાજવંશમાં જન્મ મળ્યો છે, પણ મોક્ષની લાહ્યમાં તમે ભાન ભૂલ્યા અને ન કરવાનાં કામો કરી બેઠા." રાજા અવાચક થઈ ગયા. સાધુએ આગળ કહ્યું,"માંસ મદિરાનો ત્યાગ કર્યો એ તો સારી વાત છે પણ તમે વધારે પ્રમાણમાં સત્સંગ આયોજિત કર્યા એટલે આપના દરબારી અને સૈનિકો તેમાં વ્યસ્ત રહેવા લાગ્યા. આપની સેના યુદ્ધનો અભ્યાસ કરવાને બદલે ધાર્મિક વિધિમાં વધુ રસ લેવા લાગી. તમે દાન દક્ષિણા વધારી એટલે બ્રાહ્મણોએ રાજમહેલના ફેરા વધારી દીધાં. અન્નછત્રોને અને ઓછા થયેલા કરોને લીધે આપની પ્રજા સાવ આળસુ બની ગઈ છે અને આવક ઓછી થવાને લીધે રાજ્ય કમજોર બની રહ્યું છે, જે દુશ્મનો માટે આમંત્રણ સમાન છે. જરૂરતથી વધારે સગવડ આપવી એ મુર્ખતા ગણાય. બીજી તરફ નર્તકી ભલે નૃત્ય કરીને લોકોનું મનોરંજન કરે પણ તે તેનું કર્તવ્યનું પાલન કરે છે. કોઈની સાથે છેતરપિંડી કરતી નથી. તે પણ ગરીબોને ભોજન આપે છે પણ ક્યાંય ચર્ચા કરતી નથી. હું કરું છું એવો અહમ નથી રાખતી."

રાજાની આંખ ખુલી ગઈ હતી, તેણે નક્કી કર્યું કે તે ફક્ત? પોતાના કર્તવ્યનું પાલન કરશે પણ તે હું કરું છું એવો ભાવ નહીં રાખે.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

## NOG SS NO-0103

વિષય-મોક્ષ-માયા
વિભાગ- લેખ
શીર્ષક-જ્ઞાન-અજ્ઞાન

૮૪ લાખ જન્મનાં ચક્કર પછી મળેલ માનવ જીવ જ અજ્ઞાનનાં આવરણને હટાવી મોક્ષ તરફ પ્રયાણ કરી જન્મનાં ચક્રમાંથી મુક્તિ મેળવી શકે છે. માટે માનવજીવનનું મુખ્ય ધ્યેય ઇશ્વર પ્રાપ્તિ હોવું જરૂરી છે.

શરીરમાં રહેલ પાંચ ઇન્દ્રિયોં, પાંચ કર્મેન્દ્રિયોં અને મન, બુદ્ધિ, અહંકારથી આપણો સંયોગ થતાં આપણાં જીવનગાડીની સફર દ્વિધામાં રહે છે. આપણામાં સમજ તો છે, પણ અજ્ઞાનનું આવરણ રહેતાં જીવ પોતાનામાં રહેલાં પરમાત્માને ઓળખી શક્તો નથી, અને સંસારમાં રહેલાં રાગ- દ્વેષ, મોહ-માયાને અપનાવી તેનો ભોગ કરી અંતે દુઃખને મેળવે છે.

સંત-મહાત્મા જ આ અજ્ઞાનને સમજે છે અને મોક્ષ તરફ તેની જીવનગાડીનું પ્રયાણ રહે છે. સંસારની માયાનાં સુખને આપણે પરમસુખ માની તેમાં જ રચ્યા-પચ્યા રહીયે છીયે , પણ આ સુખ નિરંતર રહેનારું નથી હોતું.આવન-જાવન કરવાવાળું આ સુખ આખરે દુઃખમાં પલટાતું હોય છે, અને આપણને જીવનચક્રની ગતિમાં પાછા ફેરવે છે. ભગવદ્ ગીતામાં પરમ પરમાત્મા શ્રી કૃષ્ણે સાધકને ત્રણ ગુણો એટલે સાત્વિક, રાજસિક અને તામસિકની સમજ સાથે કર્મ, ભક્તિ અને જ્ઞાનયોગની સમજ આપી છે.

સાધક કોઇ એક યોગ અપનાવી ત્રણે યોગને પ્રાપ્ત કરી શકે પણ સાથે -સાથે સંસારભોગ કે યોગની પસંદગી કરવાની સ્વતંત્રતા આપણને આપી છે. સાધકે જ્ઞાન અને અજ્ઞાનની વચ્ચે રહેલી પાતળી રેખાને છેદી જ્ઞાનની પ્રપ્તિ કરવા "વાસુદેવઃ સર્વમ્" નાં સિદ્ધાંતને અનુસરી સર્વમાં પ્રેમ દ્રષ્ટિ કેળવી સહજ રીતે ઇશ્વરની ભક્તિ કરતા ભક્તિયોગને પ્રાપ્ત કરે છે.

આ ભક્તિ જ આપણા જીવનું કલ્યાણ કરે છે . જીવ જ્ઞાન મેળવી મોક્ષ તરફ પ્રયાણ કરે છે.

પરમાત્મા સાથેનું મિલન એ જ મોક્ષની પ્રાપ્તિ જે નરસિંહમહેતા ,મીરા ,અષ્ટસખા અને રામકૃષ્ણ પરમહંસ જેવા મહાત્માઓને મળી છે .

માયાનાં સંયોગનો વિયોગ કરી જ્ઞાનની સમૃદ્ધિ મેળવી નિરંતર રહેવાવાળા સુખની પ્રાપ્તિ એટલે પૃથ્વી પર રહી મોક્ષની પ્રાપ્તિ.

નિલમ દોશી,મુંબઇ

---

## NOG SS No: 0079

વિષય : પ્રાણ પ્રકૃતિ
શીર્ષક : મિલન
પ્રકાર : ગદ્ય

મિલન

પ્રાણ અને પ્રકૃતિ નું સુભગ મિલન સર્જનહારે કર્યું છે. જે કોઈ પણ સંજોગોમાં છૂટા ન થઈ શકે. માતાના ગર્ભમાં બીજ રૂપે આકાર ગ્રહણ કરનાર બાળકોમાં પ્રાણ હાજર છે. પ્રકૃતિ તેમાં લોહી અનેમાતાના પોષણ દ્વારા પ્રવેશ મેળવે છે. કહેવાય છે પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય. એ કહેવત માં મને અર્ધ સત્ય જણાય છે. પ્રાણ તો પરિવર્તનશીલ નથી. પ્રકૃતિ માનવી પ્રયત્ન કરે તો તેમાં ફેરફાર જરૂર લાવી શકે. તેનો પ્રખ્યાત દાખલો આપણી સમક્ષ છે.

' લુટારુ વાલિયા માંથી બનેલા વાલ્મિકી ઋષિ'. તમને શંકા નહી હોય, પ્રકૃતિના બહાના હેઠળ ઘણા લોકોને પોતાની વાત કહેવાની આદત હોય છે. એ તેની કમજોરી કરતા આળસ દર્શાવે છે.

ઘણીવાર માનવી પ્રયત્ન કરવા છતાં પ્રકૃતિના બહાના હેઠળ છટકવાનોપ્રયાસ કરે છે. સફળતા પણ મેળવે છે. તે ભલે લોકોને છેતરી જાય કિંતુપોતાની જાતને છેતરવામાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. પ્રાણ અને પ્રકૃતિ લાકડામાં અલગ થાય. એ વાત સત્ય પુરવાર થાય ત્યારે શોક મિશ્રિત આનંદની લાગણી દર્શાવે છે. પ્રકૃતિને કારણે માનવી મુશ્કેલી માંમુકાય તો નવાઈ ન પામો.. એનું મૂલ્ય ચૂકવવું જ પડે.

અભ્યાસ અને સતત પ્રયત્ન દ્વારા પ્રકૃતિ બદલી પણ શકાય અથવા તેમાં સુધારોકરી પણ શકાય. જૂઠું બોલવાની પ્રકૃતિવાળા આનો સચોટ ઉદાહરણ પૂરું પાડે છે. સત્યના આગ્રહી ભોગ ભોગવે છે અને વિજયને વરે છે.

પ્રાણ અને પ્રકૃતિ નું મિલન કુદરતનો વણલખ્યો નિયમ છે. માનવીએ સ્વીકારવો.

## NOG SS ..No..73

વિષય..મોક્ષ..માયા
વિભાગ..ગદ્ય
શીર્ષક..બોધ..

માઈક્રો ફિકશન

એક સંત મહાત્મા મોટી સંખ્યામાં પોતાના ભક્તોને બોધ આપતા

જીવનમાં કશુજ નથી,આ બાહરી દેખાતી દુનિયા બધું માયા છે,ઈશ્વર તો તમારી અંદર છે,બધુંત્યજી ને ઈશ્વરને અપનાવો બધીજ વસ્તુ વગર ચલાવી લો,તોજ જીવન સરળ બનશે,આજના દિવસની કથા અહીં પુરી,જેવા સંત ઉભથયા ત્યાંજ સ્ટેજ આગળ ગાડી લાવવાની વ્યવસ્થા હતીને સંત પોતાની મોંઘી બી એમ ડબ્લ્યુ ગાડીમાં રવાના થયા.. સંત પણ ગાડી પૈસાનો મોહ છોડીના શક્યા, બોધ હંમેશા બીજાને આપવા માટેજ હોય..

નયના પટેલ..નૈન.

---

## NOG SS No :0102.

શીર્ષક. :- પ્રાણ-- પ્રકૃતિ.
પ્રકાર.:----ગદ્ય.
વિષયઃ---પ્રાણ --પ્રકૃતિ.

માનવ પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જન્મ ધારણ કરે છે અને તેનો પ્રભાવ મૃત્યુ સુધી હોય છે.

આપણું શરીર આકાશ, પૃથ્વી, વાયુ ,જલ અને અગ્નિતત્ત્વથી બનેલું છે. જન્મતાની સાથે જ ચોર્યાસી લાખ યોનિમાંથી માનવીને તેના સંચિત કર્મ અનુસાર જન્મ મળે છે. સાથે પાંચ કર્મેન્દ્રિ પાંચ જ્ઞાનેન્દ્રિ અને મન એમ મળી અને કુલ અગીયાર ઈન્દ્રિ સાથે માનવ શરીર છે. તેમજ વાત, પિત ,અને કફ ની પ્રકૃતિ તેમજ સત્વ ,રજસ અને તમસ પ્રકૃતિના ભાવ તેની સાથે જોડાયેલા છે. તેવું આપણા ધર્મ શાસ્ત્રો બતાવે છે.

માનવી જે કંઇ કર્મ કરે છે ,અથવા વર્તન કરે છે, તેમાં ઉપરોક્ત જણાવ્યા અનુસાર તમામ નો પ્રભાવ હોય છે. તામસ પ્રકૃતિના માનવી પાખંડી ,પાપી, નાસ્તિક, દુરાચારી , કૃતઘ્ની ,કામી ,ક્રોધી અને અજ્ઞાની હોય છે. મોહ ,માયા ,ઈર્ષા ,અદેખાઈ અભિમાન જેવી વૃત્તિઓ તેમાં જોવા મળે છે ,આવા લોકો ચોરી કરવામાં પાવરધા હોય છે. ઉપરાંતચાડી,ચુગલી ,ઈર્ષા ,અદેખાઈ વગેરેમાં તેવા લોકો એવા પ્રવૃત્ત હોય છે કે કંઈક ના જીવન બરબાદ કરી નાખે છે ,અને આ કામ તેઓ પોતાની મીઠી જીભ અને હૃદયમાં ઝેર ભરી ને કરે અને તેનો પ્રભાવ તેના છોકરાઓ ઉપર અને પેઢી ઉપર પડે છે. રજસ વૃતિના લોકો પોતાનો એક પગ દૂધ અને બીજો પગ દહીંમાં રાખે છે .તેઓ બંને પ્રકારની વૃત્તિઓ ધરાવે છે .સારા કાર્યો પણ કરે છે અને બુરા કાર્યો પણ કરતા રહે છે. સાત્વિક પ્રવૃત્તિના લોકો હંમેશા સારા કૃત્યો જ કરે છે .તેઓનાહૃદયમાં માયા ,મમતા ,સહાનુભૂતિ ,કરુણા, વગેરેના ભાવ હોય છે . એટલું જ નહીં પરંતુ તેઓ દુનિયાને સુખી કરવા માટે પોતાના જીવનનો મહત્વનો ભાગ ખર્ચી નાખે છે .નવધા ભક્તિ દ્વારા તે પ્રભુ પ્રાપ્તિના માર્ગે આગળ વધતા હોય છે દુનિયાનું ભલું કરવાની તેઓની ઉમદા ભાવના હોય છ.

આ દુનિયામાં સારા કૃત્ય કરી જીવનને ઉમદા બનાવી તમસમાંથી રજસમાં અને સત્વમાં આગળ વધી શકાય છે . બુરા કર્મો હંમેશા બુરાઈ તરફ લઈ જાય છે અને તેઓ ભવો ભવના ચક્કરમાં થી છૂટતા નથી .જ્યારે સાત્વિક લોકો મોક્ષના માર્ગે આગળ વધી શકે છે. સારા કર્મો કરો અને આવતો જન્મ સુધારો તેઓ ભાવ પ્રાણ અને પ્રકૃતિ ના માધ્યમ દ્વારા આપણે આપણું જીવન વધારે ઉમદા બનાવી શકવાની કોશિશ કરવી જોઈએ.

રતિલાલ વાયડા,નવી મુંબઈ.

# ગુરૂપૂર્ણિમા ગુરુમહિમા

ગુરુપૂર્ણિમા આ તે દિવસ છે જ્યારે શિષ્ય તેની પૂર્ણતામાં જાગૃત થાય છે અને તે જાગૃત અવસ્થામાં કૃતજ્ઞતા અનુભવતો હોય છે. આ કૃતજ્ઞતા દ્વૈત (તમે અને હું) ની નહીં, પરંતુ અદ્વૈતની છે. તે ક્યાંકથી ક્યાંક ક્યાંક વહી રહેલી નદી નથી, પરંતુ તે સમુદ્ર પોતાની અંદર ફરે છે તેની છે. તેથી, ગુરુ-પૂર્ણિમા પર કૃતજ્ઞતા તે પૂર્ણતાનું પ્રતીક છે.જ્યારે તમે સ્વરૂપ, સમય અને અવકાશની સભાનતાની અનુભૂતિ કરશો ત્યારે દ્વૈતવાદી ભ્રમણાના મધ્યમાં અદ્વૈત શાણપણ તેના પર ડૂબી જાય છે.

ગુરુ પૂર્ણિમા ઉજવણીનો હેતુ સમીક્ષા કરવું છે કે આ છેલ્લા એક વર્ષમાં જોવું કે વ્યક્તિએ જીવનમાં કેટલી પ્રગતિ કરી છે. સાધક માટે, ગુરુ પૂર્ણિમા એ મહત્વનો દિવસ છે, નવા વર્ષનો દિવસ છે. આધ્યાત્મિક માર્ગ પરની કોઈની પ્રગતિની સમીક્ષા કરવા અને તેના નિર્ધારને નવીકરણ અને ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને આવતા વર્ષે કોઈ શું કરવા માંગે છે તે નિરાકરણ કરવાનો દિવસ છે. જેમ જેમ પૂર્ણ ચંદ્ર ઉગે છે અને સેટ થાય છે, તેમ તેમ કૃતજ્ઞતાના આંસુ ઉદ્ભવે છે અને વ્યક્તિના પોતાનામાં વિશાળતા આવે છે.
×

ગુરુ પૂર્ણિમા એ મૃત્યુ અને ઉદ્ભવનો દિવસ છે. તે કોઈ સામાન્ય દિવસ નથી - તે ખૂબ જ પ્રતીકાત્મક છે. જો તમે મારી પાસે આવો છો, તો તમે ફક્ત એક જ રસ્તે આવો છો : તો તમે અહમ ને મારીને આવો છો. અને તમે તમારા મરણથી ઓછા નહીં થાઓ - તમે વધુ થશો, તમે અનંત વધુ થશો. તમે કશું ગુમાવશો નહીં અને તમે બધુ પ્રાપ્ત કરશો! એક માસ્ટર માં આ મૃત્યુ એક માણસ ને શિષ્ય બનાવે છે. તે કોઈ સામાન્ય સંબંધ નથી; તે વિશ્વમાં એકમાત્ર અનોખા સંબંધ છે. બીજા બધા સંબંધો સામાન્ય છે. અન્ય બધા સંબંધો વિશ્વનો ભાગ છે. ફક્ત આ સંબંધ જગતનો ભાગ નથી - તે તમને આગળ લઈ જાય છે. તે અદ્રશ્ય દશ્યમાનથી અદ્રશ્ય માટે, સામગ્રીથી દૈવી સુધી, અજાણ્યાથી જાણીતા સુધી, મૃત્યુથી મૃત્યુની અવસ્થા સુધી એક સોનાનો પુલ છે!

તમે જાણો છો, આપણા શરીરમાં કરોડો કોષો છે, અને દરેક કોષનું પોતાનું જીવન છે. દરરોજ ઘણા કોષો જન્મે છે અને ઘણા મરી રહ્યા છે. તેથી, તમે એક ફરતા શહેર છો. ઘણા શહેરો પૃથ્વી ગ્રહ પર છે અને પૃથ્વી ગ્રહ સૂર્યની ફરતે ફરે છે. તે જ રીતે, તમારી અંદર ઘણા બધા કોષો છે અને ઘણા જીવંત પ્રાણીઓ છે અને તમે ફરતા હોવ છો. તમે ફરતા ટાઉનશીપ છો. મધમાખી જેવા, ત્યાં ઘણા મધમાખી છે જે આવે છે અને બેસે છે, પરંતુ ત્યાં એક રાણી મધમાખી છે. જો રાણી મધમાખી દૂર જાય છે, તો દરેક અન્ય મધમાખી દૂર જાય છે. તે જ રીતે, આપણા શરીરમાં એક અણુ છે, રાણી મધમાખી. જો તે ત્યાં ન હોય તો, બાકીનું બધું દૂર થઈ જાય છે. તે સ્થિત કરો, નાના અણુના તે નાનામાં, આત્મા અથવા સ્વ. તે ક્યાંય પણ નથી. તે રાણી મધમાખી છે અને તે તમે છો. તે જ દૈવી છે, અને તે ગુરુ સિદ્ધાંત છે. જેમ કે પિતૃત્વ છે, માતૃત્વ છે, ત્યાં ગુરુહૃદય પણ છે. તમારે બધાએ ઓછામાં ઓછું કોઈને માટે ગુરુતત્વ બનવું પડશે. તમે બનાશો, તમે સલાહ આપી રહ્યા છો અને લોકોને સભાનપણે અથવા બેભાન રીતે માર્ગદર્શન આપો છો અને તેમને પ્રેમ અને સંભાળ આપો છો.

પરંતુ બદલામાં કંઇ અપેક્ષા કર્યા વિના ૧૦૦ ટકા કરો. તે ગુરુત્વ જીવે છે, સ્વ જીવે છે. દૈવી, તમે અને ગુરુ સિદ્ધાંત વચ્ચે કોઈ ફરક નથી. તે બધા એક વસ્તુ પર આવી રહ્યા છે, રાણી મધમાખી.

ધ્યાન એ પરમાણુમાં મૂકી દેવાથી અને ફરી ફરી જોવા ન વળશો. તેથી, તે બધી બાબતો વિશે વિચારો કે જેના માટે તમે આભારી છો, અને પૂછો કે તમે શું ઈચ્છો છો. અને બધાને આશીર્વાદ આપો. અમે પ્રાપ્ત કરીએ છીએ, પરંતુ ફક્ત પ્રાપ્ત કરવું પૂરતું નથી, આપણે જરૂરિયાતમંદ લોકોને આપીએ અને આશીર્વાદ આપવો જોઈએ.

બીજલ જગડ,મુંબઈ. ઘાટકોપર

# ગુરુપૂર્ણિમા લેખ....



આપણી સંસ્કૃતિ અને ધર્મની ઈમારતનો પાયો જ્ઞાન છે. મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતાપિતા પછી એને શિક્ષિત કરનાર ગુરુ કે શિક્ષકનું સ્થાન વિશિષ્ટ છે. જોકે હવે ગુરુ શિષ્યની પરંપરા તો રહી નથી પણ ભારતીય સંસ્કૃતિમાં ગુરુનો ઈતિહાસ આદિકાળથી છે. ગુરુ સંસ્કૃતમાંથી ઉતરેલો શબ્દ છે. શાસ્ત્રોમાં ગુ નો અર્થ અંધકાર એવો થાય છે અને રૂ એટલે તેમાંથી બહાર લાવનાર. આ મુજબ ગુરૂનો અર્થ અજ્ઞાન રૂપી અંધકારમાંથી બહાર લાવનાર તથા જ્ઞાન રૂપી પ્રકાશ આપનાર આવો થાય છે.

જ્ઞાન મેળવવા માટે ગુરુનું હોવું અતિ આવશ્યક છે. ગુરુનું મહાત્મ્ય સમજવા માટે અને એમનાં પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરવા માટે દર વર્ષે અષાઢી પૂનમનાં દિવસે ગુરુ પૂર્ણિમાનું પર્વ મનાવવામાં આવે છે. ગુરુ પૂર્ણિમા બૌદ્ધ ધર્મનાં લોકો માટે પણ ખૂબ જ શુભ તહેવાર માનવામાં આવે છે. આ દિવસે જ ભગવાન બુદ્ધે પ્રથમ ઉપદેશ આપ્યો હતો. જેથી આ દિવસને બુદ્ધ પૂર્ણિમા પણ કહેવાય છે. આ તહેવાર હિંદુઓ, જૈનો અને બૌદ્ધો દ્વારા પોતાનાં ગુરુનો આદર કરવા માટે ખૂબ સન્માનભેર ઉજવવામાં આવે છે.

આમ જોવા જઈએ તો વર્ષ દરમિયાન અનેક પૂર્ણિમા આવે છે જેમ કે, શરદ પૂર્ણિમા, કાર્તિકિ પૂર્ણિમા, વૈશાખ પૂર્ણિમા વગેરેપ પરંતુ અષાઢી પૂર્ણિમા ભક્તિ અને જ્ઞાનનાં રસ્તે ચાલતા સાધકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસે આકાશમાં અલ્ટ્રા વાયોલેટ રેડિએશન ફેલાય છે. જેનાં કારણે વ્યક્તિનું શરીર અને મન એક વિશેષ સ્થિતિમાં આવી જાય છે. ત્યારે આ સ્થિતિ સાધક માટે ખૂબ જ લાભદાયી હોય છે. ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિએ એની અસર એ થાય છે કે, ધ્યાન વગેરે માટે આ સમય સૌથી ઉત્તમ બની જાય છે. આત્મઉત્થાન અને કલ્યાણ માટે ગુરુ પૂર્ણિમાનો દિવસ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ અતિ ઉત્તમ છે.

આદિ ગુરુ વેદ વ્યાસનો જન્મ અષાઢ પૂર્ણિમા પર થયો હતો. તેમનાં માનમાં, અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. પરંતુ ઊંડાણથી એનો અર્થ જોવા જઈએ તો અષાઢ મહિનામાં આવતી પૂર્ણિમાની ખબર પડતી નથી. આકાશમાં વાદળો છવાયેલા હોય છે અને ચંદ્ર દેખાતો નથી. ચંદ્ર વગરની કેવી પૂર્ણિમા! તમે ક્યારેય કલ્પના કરી શકો છો? ચંદ્રની ચમકતી કિરણો વિના, પૂર્ણ ચંદ્રનો અર્થ શું હશે? જો પૂર્ણ ચંદ્રનો ઉલ્લેખ કરવામાં આવે તો તે શરદ પૂર્ણિમાને કેમ શ્રેષ્ઠ માનવામાં આવે છે?

અષાઢની પૂર્ણિમાની પસંદગી પાછળ ખૂબ ઊંડો અર્થ રહેલો છે. તેનો અર્થ એ છે કે ગુરુ પૂર્ણિમાનાં ચંદ્ર જેવા છે, જે પ્રકાશથી ભરેલા છે અને શિષ્ય અષાઢનાં વાદળો જેવા છે. અષાઢમાં, ચંદ્ર વાદળોથી ઘેરાયેલા છે જેમ ગુરુ વાદળો જેવા શિષ્યોથી ઘેરાયેલા છે. શિષ્ય બધા પ્રકારનાં હોઈ શકે છે. તેઓ કાળા વાદળો જેવા છે અને તેમાં પણ ગુરુ ચંદ્રની જેમ ચમકી શકે છે. તે અંધકારમય વાતાવરણમાં પણ પ્રકાશ લાવી શકે છે, તે જ ગુરુ પદની શ્રેષ્ઠતા છે. ગુરુ પૂર્ણિમા અંધશ્રદ્ધાનાં આધારે નહિ પણ આદરથી ઉજવાવી જોઈએ.

ગુરુ પૂર્ણિમાના દિવસને વ્યાસ પૂર્ણિમા પણ કહેવાય છે. ગુરૂપૂર્ણિમા એટલે મહાભારતના રચયિતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીનો જન્મદિવસ. તેઓ સંસ્કૃતનાં પ્રખર વિદ્વાન હતા. આદિ ગુરુ ભગવાન નારાયણ જ વેદવ્યાસનો અવતાર લઈ પ્રગટ થયા હતા એવી માન્યતા છે. એમનાં જીવનનો સાર એ છે કે જ્ઞાનનો વિસ્તાર થવો જોઈએ. એ યોગ્ય વ્યક્તિ સુધી પહોંચવું જોઈએ. જ્ઞાન એકલું પૂરતું નથી પણ તેની સાથે કર્તવ્ય, નિષ્ઠા અને સમર્પણ પણ ભળવા જોઈએ. ભગવાન પણ અવતાર લઈને આવે છે ત્યારે ગુરુ ગૃહે જઈ વિદ્યાભ્યાસ કરી ગુરુ પૂજનનું મહત્વ સમજાવે છે.

વેદ-વ્યાસજીનો જન્મ યમુના નદીનાં દ્વિપમાં થયો હતો માટે તેમનું નામ ''દ્વૈપાયન'' પડ્યું, શરીરનો રંગ શ્યામ હોવાથી તેમનું નામ ''કૃષ્ણ દ્વૈપાયન'' પડયું, સૌ પ્રથમ વેદોના વિભાગ કરવાથી તેઓ 'વેદ-વ્યાસ' તરીકે ઓળખાયા. એજ 'વેદ-વ્યાસજી'નાં સંભારણા એટલે ગુરુપૂર્ણિમા જેને વ્યાસે પૂર્ણિમા કહેવાય છે. વેદ- વ્યાસનાં પિતા મહામુની પરાશર હતા અને માતા સત્યવતી. વેદ-વ્યાસજીએ ૧૮ પુરાણો અને અનેક ઉપકરણોની રચના કરી છે.

વિશ્વનો સૌથી મોટો ગ્રંથ જેમાં એક લાખ શ્લોકો છે એવા મહાભારતની રચના પણ તેમણે જ કરી છે. 'બ્રહ્મસૂત્ર' જેવા તત્વજ્ઞાનથી ભરપુર અદ્વિતીય ગ્રંથની રચના પણ તેમણે કરી હતી. વ્યાસ મુનિએ તેમનાં ચાર મુખ્ય શિષ્યોને વેદોનું જ્ઞાન આપ્યું, ''વૈશમ્ઽપાયમુનિને'' યજુર્વેદ, "જૈમીની" મુનીને સામવેદ, "સુમન્તુમુનીને" અર્થવવેદ જયારે "સૂતમુનિને" ઈતિહાસ અને પુરાણનું જ્ઞાન આપ્યું. શ્રીમદ્ ભગવદ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે વ્યાસને પોતાની વિભૂતિ બતાવી છે, સનાતન ધર્મમાં જે નવ ચિરંજીવી છે તેમાં વ્યાસ મુનિ પણ ચિરંજીવી છે. દરેક વ્યક્તિએ પોતાનાં જીવનમાં ગુરુ અવશ્ય કરવા જોઈએ.

વેદ વ્યાસજીએ શ્રીમદ મહાભારત આદિ ગ્રન્થોની રચના અને વેદોનાં ચાર ભાગ કરી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખીને વિશ્વમાં ગુરુ સ્થાને મુકી છે. એવા મહર્ષિ વેદ વ્યાસનાં ઋણને ભારતીય પ્રજા ક્યારેય ભૂલી શકે તેમ નથી. વિશ્વની પ્રજા જ્યારે અંધકારમાં જીવતી હતી ત્યારે ભારત વર્ષમાં ધર્મનો સૂરજ ઝળહળતો હતો. એના જ્યોર્તિધર હતા મહર્ષિ વેદ વ્યાસ. ખરેખર, ગુરુનાં ગુરુ ભગવાન નારાયણ છે છતાં ભારતીય પરંપરામાં ગોવિંદ સુધી લઈ જનાર ગુરુનું અનેરું મહત્વ છે. ભારતીય સનાતન ધર્મનો મૂળ આધાર વેદ, ઉપનિષદ અને ગ્રંથો છે. ગહન વેદોને સરળ ભાષામાં સમજાવી, લોકભોગ્ય બનાવી ઘરે ઘરે પહોંચાડનાર જો કોઇ હોય તો તે મહર્ષિ વેદવ્યાસ છે. આ ગુરુ પૂર્ણિમાનાં પાવન અવસર પર મારાં જીવનનાં ઉત્કર્ષમાં શરૂઆતથી આજદિન સુધી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અગત્યનો ભાગ ભજવનાર સૌ ગુરુજનો શિક્ષકો અને મહાનુભાવોને યાદ કરું છું અને કોટી કોટી વંદન કરું છું. આ સિવાય સાચા માર્ગ તરફ દોરવામાં મદદ કરનાર માતા-પિતા, ભાઈ-બહેન કે આવી કોઈ પણ વ્યક્તિ આપણા માટે આદરણીય અને ગુરુ સમાન છે. આજનો દિવસ એ ઋણ સ્વીકારનો અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે.

મારે મન તો ગુરુઓનાંય ગુરુ એવા શ્રી કૃષ્ણને મનોમન વંદન કરવાનો દિવસ જેમણે પૃથ્વી પર મનુષ્ય અવતાર લઈને એ તમામ ગુણો પછી એ ક્રોધ હોય, સુખ હોય કે પીડા અનુભવી જાણ્યા અને જીવી પણ જાણ્યા. જીવન જીવવાની સાચી રીત મનુષ્ય તરીકે જીવીને બતાવી. એનાથી ઉત્તમ ગુરુ બીજું કોણ હોઈ શકે? ગુરુપૂર્ણિમા એટલે ભારત વર્ષની સંત પરંપરાને પણ વંદન કરવાનો દિવસ. આપ સહુને મારાં તરફથી ગુરુપૂર્ણિમાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..!!

વૈભવી જોષી

# ગુરુ અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે -સંત રાજીન્દર સિંહજી મહારાજ



ગુરુપૂર્ણિમાનો દિવસ મહર્ષિ વેદ વ્યાસ કે જેમણે વેદ, ૧૮ પુરાણ તથા મહાભારતની રચના કરી તેમની યાદમાં સમગ્ર ભારતમાં મહત્વના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ આપણા ગુરુ , શિક્ષક કે આધ્યાત્મિક ગુરુ ના સન્માનમાં તથા તેમના તરફના આદર તથા કૃતજ્ઞતા ને દર્શાવવા માટે ઉજવાય છે.જો આપણે આધ્યાત્મિક પ્રગતિ કરવી હોય તો આપણે આધ્યાત્મિક ગુરુ ના ચરણોમાં પહોંચવું જોઈએ.દરેક યુગમાં સંતો અને ૠષિઓ હોય છે જે આપણને અંદરની યાત્રા માં લઈ જઈ શકે છે.સંતો આપણને આધ્યાત્મિકતાની ભેટ આપે છે. આ દૈવી, પ્રબુદ્ધ માણસો સિવાય આપણે અંધકાર અને આધ્યાત્મિકતા વગરના જીવનમાં ડૂબેલા રહીશું. તેઓ સાધકોને અંધકારથી પ્રકાશ તરફ લઈ જવા માટે આ પૃથ્વી પર આવે છે. આપણે આપણા આધ્યાત્મિક વારસો અને ભગવાન થી અજાણ હોવાથી અંધકારની દુનિયામાં જીવી રહ્યા છીએ. ગુરુની ભૂમિકા માત્ર સાધકોને જ્ઞાન થી પ્રબુદ્ધ કરવાનું નથી પરંતુ આપણને પરમાત્માના તેજસ્વી પ્રકાશ તથા vibration સાથે જોડાવામાં પણ મદદ કરશે. તેઓ આંતરિક પ્રકાશને જોવા માટે અને પ્રકાશ ના સ્ત્રોત આધ્યાત્મિક યાત્રાની શરૂઆત કરવામાં મદદ કરવા માટે તેઓ આપણી અંતરની આંખો ખોલે છે.

જો આપણે વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરાઓનું પરીક્ષણ કરીએ તો આપણે જાણીશું કે મૂળમાં તો બધા ધર્મો એક અને એક જ વાત કહે છે. તેઓ બધા ઉચ્ચ શક્તિમાં વિશ્વાસ કરે છે કે જેણે આપણા બધાને બનાવ્યા છે. જે એક સ્ત્રોત માંથી ઉદભવ્યા છે એટલે કે નિર્માતા. તેઓ આપણને પ્રાર્થના, ધ્યાન દ્વારા આધ્યાત્મિક બાજુમાં પ્રવેશ કરવા અને પોતાની જાતને ઓળખવા તથા પરમાત્માની પ્રાપ્તિ માટે શિક્ષિત કરે છે.

બીજી સામાન્ય બાજુઓ કે જે આપણે સંતો અને ગુરુઓના જીવનમાં જોઈએ છીએ કે તેઓ દરેકના માટે આવ્યા છે. તેઓ ફક્ત એક જૂથ કે કોઈ એક ધાર્મિક પંથ અથવા કોઈ એક વિચારધારા ને આધારે નથી આવતા. જ્યારે આધ્યાત્મિક ગુરુ આ દુનિયામાં આવે છે ત્યારે તેમનું મુખ્ય કાર્ય આપણી આત્માઓને પરમાત્મા પાસે પાછા લઈ જવાનું છે. આધ્યાત્મિક ગુરુ પરમાત્મા પાસે પાછા લઈ જવા માટે આ બધું કરે છે. આધ્યાત્મિક ગુરુઓ પાસે ભગવાનના પ્રેમની ચુંબકીય શક્તિ છે જે તેમને તેમનું કાર્ય કરવામાં મદદ કરવા માટે સૌથી મોટી શક્તિ છે. જ્યારે આત્માઓ આધ્યાત્મિક ગુરુ ના સંપર્ક માં આવે છે ત્યારે તેઓ ચુંબકીય રીતે પરમાત્મા તરફ દોરાય છે. તેઓ હંમેશા પ્રેમ ના સ્ત્રોત સાથે એક થવા માટે ઝંખતા હોય છે.તેઓ આપણને આપણા સાચા ઘરે પાછા ફરવામાં સહાય માટે પ્રેમ અને આશીર્વાદ વહાવે છે. તેઓએ આપણને ઈશ્વરીય પ્રેમ સાથે સંપર્કમાં રાખ્યા છે જે આપણા હૃદયને આકર્ષિત કરે છે. જ્યારે આપણે તેમની સાથે હોઈએ છીએ ત્યારે તેમના આશીર્વાદ નો અનુભવ થાય છે અને જ્યારે આપણે તેમનાથી અલગ હોઈએ છીએ ત્યારે આપણા અંતરમાં પરમાત્માની શોધ કરતા હોઈએ છીએ. ગુરુ પૂર્ણિમા એ મહાન ૠષિ વેદવ્યાસના સન્માનમાં તથા આપણા ગુરુ કે જેઓ આપણને અંતરના માર્ગમાં પ્રબુધ્ધ કરે છે તેમના તરફના આદરને અને કૃતજ્ઞતા દર્શાવવાનો એક વિશેષ દિવસ છે.



**દેશના લોકોની જાસૂસી કરતી ભાજપ સરકાર સામે સુપ્રીમ કોર્ટ દ્વારા ન્યાયિક તપાસની માંગણી સાથે રાજ્યપાલશ્રી દેવવ્રત જી ને આવેદનપત્ર .**

## આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા તમામ જિલ્લા અને તાલુકામાં કલેક્ટરશ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું



મીનાક્ષી લેખી દ્વારા જે કિસાનો માટે ×મવાલી× જેવા શબ્દો વાપરી બફાટ કરવામાં આવ્યો છે, તેને આમ આદમી પાર્ટી ગુજરાત સખ્ત શબ્દોમાં વખોડિયે છીએ. આ બફાટો સાબિત કરી બતાવે છે કે ભાજપ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. આજ રોજ તારીખ ૨૩/૭/૨૦૨૧એ આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા ભાજપના કેન્દ્રીય મંત્રી મિનાક્ષી લેખીએ ખેડુતોને મવાલી કહ્યા છે તેના વિરોધમાં સવારે ૧૧ કલાકે ઊપરોકત વિષયના અનુસંધાને ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકામાં જીલ્લા કલેક્ટર શ્રી ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં તમામ જીલ્લા અને તાલુકા ના પ્રમુખ શ્રી, સંગઠનમંત્રી, મહામંત્રી જીલ્લા તથા તાલુકા ના પદાધિકારીઓ અને તમામ કાર્યકતાઓ હાજર રહ્યા હતા.

### ભોપાલ રેલવે સ્ટેશન નજીક બન્યું ડોગ શેલ્ટર

# તમામ રેલવે સ્ટેશનો પર આ પ્રકારનાં શેલ્ટર્સ બનવા જોઈએ-એનીમલ હેલ્પલાઈન



ભોપાલ રેલવે સ્ટેશન એ સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશન છે. તે કાયમ લોકોની અવરજવરથી ભર્યું ભર્યું રહે છે. છેલ્લા કેટલાક સમયથી ભોપાલ રેલવે સ્ટેશન પર રસ્તે રઝળતા કુતરાઓ ખુબ વધી ગયા હતા. લોકોની સાથે સાથે કુતરાઓ પણ સ્ટેશન પર આંટા મારતા રહેતા હતા જેનાથી સંચાલકો અને રાહદારીઓ ખુબ પરેશાનીમાં હતા. રેલવે અધિકારીઓનું કહેવું હતું કે સ્ટેશનને ચારે દિશામાંથી બંધ કરવું શક્ય નથી માટે અહિયા કુતરાઓ ગમે તે રસ્તેથી આવી ચડે છે. ક્યારેક એવું પણ બને છે કે આ કુતરાઓને ભગાડવાથી તેઓ છંછેડાય છે અને સ્ટેશન પર હરતી ફરતી વ્યક્તિઓને બટકા ભરે છે. આ તમામ તકલીફોની આગળ ભોપાલ રેલવે તંત્રએ એક ખુબ સરાહનીય અને અનુસરવા લાયક ઉપાય શોધી કાઢ્યો છે. ભોપાલ રેલવે સ્ટેશન તંત્રએ આવા રસ્તે, રખડતા કુતરાઓ માટે રેલવે સ્ટેશનની નજીક જ એક “ ડોગ શેલ્ટર “ તૈયાર કર્યું છે. આ શેલ્ટરમાં કુતરાઓ માટે ખાવા પીવાથી લઈને તેમને પાણી પીવડાવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ રીતે સ્ટેશન પર આંટા મારવા જતા કુતરાઓનું ધ્યાન સ્ટેશનથી હટીને શેલ્ટર હોમ પર રહેશે અને આ રીતે આ સમસ્યા પણ દુર કરી શકાશે. જીવદયા અર્થે આ એક ખુબ સુંદર અને સરાહનીય પગલું છે. રેલવે સ્ટેશન પર લોકોને પરેશાન કરતા કુતરાઓને લાકડીઓથી મારવાની, ભગાડવાની જગ્યાએ કે કોર્પોરેશનને સોંપવાના સ્થાને રેલવે તંત્ર દ્વારા આ અદ્ભુત અને પ્રેરણાદાયી પગલું ભરવામાં આવ્યું છે. ડી.આર.એમ ઉદય બોરવણકરનાં આદેશોથી કુતરાઓ માટે શેલ્ટર(આશ્રય ઘર) બનાવવામાં આવ્યું છે. ઉપરાંત ઉદય બોરવણકરજીએ એવી પણ અપીલ કરી છે કે જો કોઈ સંસ્થા કે વ્યક્તિ આ કુતરાઓને દત્તક લેવા માંગે તો તે લઈ શકે છે. આ પ્રકારનાં શેલ્ટર્સ તમામ રેલવે સ્ટેશનો પર બનવા જોઈએ તેવી કરુણા ફાઉન્ડેશનનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતનાઓએ અપીલ કરી છે.

# આખા દેશમાં ગુજરાતમાં સૌથી વધુ કોરોનાના દર્દીને બ્લેક ફંગસનો ચેપ લાગ્યો

અમદાવાદ,તા.૨૩

બીજી લહેર દરમિયાન રાજ્યમાં મ્યુકોરમાઈકોસીસનું સંક્રમણ ભયાનક રીતે ફાટી નીકળતાં ઘણાને હજી પણ તેના દુ:સ્વપ્નો આવતા હશે. કોરોના થયા પછી માંડ કરીને જીવ બચે ત્યારે બ્લેક ફંગસ તરીકે ઓળખાતા મ્યુકોરમાઈકોસિસનાં સંક્રમણથી અનેક લોકોને પોતાના જડબા, આંખ, નાક જેવા અંગો ગુમાવવાનો વારો આવ્યો છે તો કેટલાય લોકોએ આ ફૂગને કારણે જીવ ગુમાવ્યો છે. ૨૦મી જુલાઈએ રાજ્યસભામાં રજૂ કરેલા ડેટામાં જાણવા મળ્યું છે કે ભારતમાં કોવિડ-૧૯ પછી મ્યુકોરમાઈકોસિસ સંક્રમણના કુલ ૪૫,૩૭૪ કેસ નોંધાયા છે, જેમાંથી ૩૫% એકલા મહારાષ્ટ્ર (૯,૩૪૮) અને ગુજરાત (૬,૭૩૧) માંથી નોંધાયા છે. જે પૈકી મહારાષ્ટ્રમાં ૧,૧૨૯ દર્દીના મોત પછી ૬૫૬ દર્દીઓના મોત સાથે ગુજરાત સમગ્ર ભારતના ૧૫ ટકા મૃત્યુઆંકમાં બીજા ક્રમે છે.

મ્યુકોરમાઈકોસિસ સિવાયના કોવિડ -૧૯ કેસોના વિશ્લેષણમાં બહાર આવ્યું છે કે ગુજરાતમાં ‘બ્લેક ફંગસ‘નું વ્યાપક સંક્રમણ નોંધાયું છે. રાજ્ય સરકારના આંકડા પ્રમાણે એપ્રિલ ૧ થી ૩૦ જૂન દરમિયાન ગુજરાતમાં ૫.૧૫ લાખ કોવિડ -૧૯ કેસ નોંધાયા છે. એટલે કે આ પૈકી ૧.૩ ટકા લોકોને કોરોના પછી મ્યુકોરમાઈકોસિસનું સંક્રમણ થયું છે. બીજા શબ્દોમાં કહીએ તો ગુજરાતમાં દર ૧૦૦૦ કોવિડ -૧૯ દર્દીઓમાંથી ૧૩ દર્દીઓને બ્લેક ફંગસનો ચેપ લાગ્યો છે. આ સંખ્યા મહારાષ્ટ્રની તુલનામાં ટકાવારીની દ્રષ્ટીએ ઘણી વધારે છે જ્યાં બ્લેક ફંગોસનો વ્યાપ ૦.૩% પ્રતિ ૧,૦૦૦ કેસોમાં ૩ હતો, અને રાષ્ટ્રીય સરેરાશ ૦.૨% પ્રતિ ૧,૦૦૦ કેસોમાં ૨ લોકોને બ્લેક ફંગસનું સંક્રમણ નોંધાયું છે.

### આમ આદમી પાર્ટીના નેતા મહેશ સવાણીને

# મહારાષ્ટ્ર સરકાર દ્વારા સમાજ ગૌરવ એવોર્ડ થી સન્માન



ગુજરાત ની હજારો દીકરીઓ ના પાલકપિતા ના નામ થી ઓળખાતા અને હાલમાં થોડા સમય પહેલા આમ આદમી પાર્ટી માં જોડાયેલ એવામહેશ સવાણી ને તેમની સામાજિક પ્રવૃત્તિ થી પ્રભાવિત થઇ મહારાષ્ટ્ર ના માનનીય રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશ્યારી ના હસ્તે હિન્દી કાશ્મીર સંગમ દ્વારા સમાજ ગૌરવ પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહેશ સવાણી અનાથ બાળકો ના ઉછેર અને હજારો અનાથ દીકરીઓ લગ્ન કરાવી તેમની નામના આખા ગુજરાત માં કરેલ છે જેવો તેમના સેવાકીય પ્રવૃત્તિ ઉપરાંત સૈક્ષણિક પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલ છે.મહેશ સવાણી ને આ એવોર્ડ મળતા હવે તેમની નામના ગુજરાત સહીત અન્ય રાજ્યમાં પણ થવા લાગી છે જે વાત દરેક ગુજરાતી ને ગૌરવ લેવાજેવી છે.

### ધી અરવલ્લી પોલીસ ક્રેડીટ કો.ઓપ.સો.લીની મદદ

# કોવીડ-૧૯ માં મૃત્યુ પામેલ પોલીસકર્મી પરીવારને ૧ લાખ રૂપિયાની સહાય કરી




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે કોરોના સમયમાં ૧ લાખ ૩૫ હજાર પોલીસ અધિકારી અને કર્મચારીઓએ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવી હતી અને હાલ પણ જીવના જોખમે કોરોના સંક્રમણ અટકાવવા સરકારે જાહેર કરેલ ગાઈડલાઈનની અમલવારી માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીનું કોરોનાથી મોત થતા ધી અરવલ્લી પોલીસ ક્રેડીટ કો.ઓપ.સો.લી તરફથી મંડળીના પ્રમુખ જીલ્લા પોલીસવડા સંજય ખરાતના હસ્તે ત્રણે મૃતક પોલીસકર્મી પરિવારોને એક-એક લાખની મૃત્યુ સહાયની ચુકવણી કરી ત્રણે પરીવારને આર્થીક હૂંફ આપી હતી

અરવલ્લી એસપી સંજય ખરાતના હસ્તે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અને ફરજ દરમિયાન કોરોના સંક્રમીત બન્યા પછી કોરોના સામે જંગ હારી જનાર કિરીટસિંહ શિવસિંહ કુંપાવત,ભાથીજી હેમાજી ડેંડુણ અને નારાયણસિંહ શિવસિંહ ઝાલા નામના પોલીસકર્મીઓના પરિવારોને જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની બચત તેમજ સુખ-દુ:ખ પ્રસંગ માટે નાણાકીય સંકટ માટે ઉભી કરેલ ધી અરવલ્લી પોલીસ ક્રેડીટ કો.ઓપ.સો.લી તરફથી એક લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવી હતી સહાય પ્રાપ્ત કરનાર ત્રણે પોલીસકર્મી પરિવારોએ જીલ્લા પોલીસતંત્રનો આભાર માન્યો હતો

### જવાનના શહીદ ના સમાચાર સાંભળી ગામ આખું હીબકે ચડ્યું

# જીતોડા ગામ ના સીઆરપીએફ જવાન ને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિધિ કરાઈ



મૂળ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના જીતોડા ગામ ના રહેવાસી ઠાકોર શંકરજી પ્રતાપજી કે જેઓ છેલ્લા પાંચ વર્ષથી તેલંગાણા સીઆરપીએફમાં ફરજ બજાવતા હતા ત્યારે નક્સલીઓ સાથેની અથડામણમાં ગોળી વાગતા પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું જે વાત સમગ્ર પંથકમાં ફેલાતા શોકની લાગણી ફેલાઇ હતી

મળતી માહિતી મુજબ શંકરજી ના પિતા ગોજારીયા ખાતે રેલવેમાં ફરજ બજાવી રહ્યા હતા ત્યારે ઉપરી અધિકારીનો ફોન આવેલ હતો કે તમારા પુત્ર નું નિધન થયું છે ત્યારે તેમના પર જાણે આભ ફાટી નીકળ્યો હોય તેમ જણાઈ આવ્યું હતું ત્યારે શહીદ વીર જવાનની પાર્થિવ દેહને આજ રોજ પોતાના માદરે વતન ચાણસ્માના જીતોડા ગામે લવતાં ગામની અંદર તેમજ પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી તેમજ સેન્ય ના મેજર તેમજ સમગ્ર ચાણસ્મા પોલીસ સ્ટાફ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી શ્રદ્ધાંજલિ અર્પી હતી

અત્રે ઉલ્લેખનીય છે કે શહિદ યુવાનને બે પુત્રો પણ છે તેમ જાણવા મળ્યું હતું નિખિલ જોશી પાટણ

### મોડાસા રેલ્વે સ્ટેશન નજીક ઝાડ સાથે લટકતી યુવકની લાશ મળી

# અરવલ્લી : માલપુર નજીક ગર્ભવતી મહિલાએ પુત્ર સાથે ગળેફાંસો ખાધો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં વર્ષ-૨૦૨૦નું પુનરાવતર્ન થઇ રહ્યું હોય તેમ વર્ષ-૨૦૨૧ માં પણ સતત લટકતી લાશો મળવાનો સીલસીલો યથાવત રહ્યો છે વર્ષની શરૂઆતમાં એક પરિવારે સામૂહિક આત્મહત્યા કર્યા પછી સતત લોકો આત્મહત્યા કરી રહ્યા છે હજુ તો ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીની આત્મહત્યાની શાહી સુકાઈ નથી ત્યાં જીલ્લામાં વધુ ત્રણ લટકતી લાશો મળી આવતા ભારે ચકચાર મચી છે માલપુરના સુરાજપુરા કંપાની સીમમાંથી ગર્ભવતી મહિલાની પુત્ર સાથે સાડી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા તેમજ મોડાસા રેલવે સ્ટેશન નજીક ખુલ્લા મેદાનમા ઝાડ સાથે ૨૨ વર્ષીય યુવકની લાશ મળી આવી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે પોલીસે મૃતકોની લાશને પીએમ માટે ખસેડી એફએસલ ટીમની પણ મદદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

જીંદગી અણમોલ છે

જીવનમાં સુખ અને દુખ આવ્યા કરે છે. કેટલાક તબક્કામાં ભારે મુશ્કેલીઓનો સામનો પણ કરવાનો વખત આવતો હોય છે. પરંતુ દરેક સમસ્યાનું સમાધાન પણ ચોક્કસ હોય જ છે. જો કે હાલના તબક્કે લોકોની સહનશક્તિ પણ ઘટવા લાગી છે. પરિણામે સામાન્ય વાતમાં પણ નાસીપાસ થઈ આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરી લેતાં લોકો વિચારતા નથી. છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાઓનું પ્રમાણ વધતાં બનાવોને લઈને લોકમાનસ પર ચિંતાના વાદળો ઘેરાયા છે જિલ્લામાં આત્મહત્યાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે જીલ્લામાં સતત લટકતા મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી છે. પ્રાપ્ત માહીતી અનુસાર,મોડાસા તાલુકાના અણદાપુર ગામના મહેન્દ્ર બામણીયાની ગર્ભવતી પત્ની તેના પુત્ર સાથે ગુરુવારે બપોરે પીયર વીરણીયા જવાનું કહી ઘરેથી નીકળ્યા પછી નાનીબેન પુત્ર ભુરીયા સાથે પિતાના ઘરે ન પહોંચતા મહેન્દ્ર બામણીયાએ શોધખોળ હાથધરવાની સાથે તેની સાસરીમાં પહોંચ્યો હતો મહેન્દ્ર બમણીયા અને તેના પરિવારજનોએ પત્ની અને પુત્રની શોધખોળ હાથધરી હતી ત્યારે માલપુર નજીક આવેલા સુરાજપુરા કંપાની સીમમાં ખેતર પાસે ઝાડ પર સાડીથી ફાંસો ખાધેલી હાલતમાં તેની પત્ની અને પુત્રની લાશ મળી આવતા પતિ અને પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા માલપુર પોલીસને જાણ થતા પીઆઇ એફ.એલ.રાઠોડ અને તેમની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી માતા-પુત્રની લાશને નીચે ઉતારી પીએમ માટે ખસેડી મૃતક માતા-પુત્રનું મૃત્યુની ઝીણવટભરી તપાસ હાથધરી એફએસએલની મદદ લીધી હતી માલપુર પોલીસે મૃતક મહિલા અને તેના પરિવારજનોની સઘન પૂછપરછ હાથધરી હતી

મોડાસા રેલવે સ્ટેશન ગ્રાઉન્ડ નજીક ઝાડ સાથે એક યુવકની લાશ ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા મોડાસા ટાઉન પીઆઇ એન.જી.ગોહીલ પોલીસ કાફલા સાથે પહોંચ્યા હતા અને મૃતક યુવકની ઓળખ કરતા મૃતક યુવક કઉં ગામનો દીપક ઈશ્વરભાઈ ખાંટ હોવાની માહીતી પ્રાપ્ત થતા પોલીસે મૃતક યુવકનાપરિવારજનોનો સંપર્ક કરતા પરિવારજનો ઘટનાસ્થળે પહોંચી ભારે રોક્કોકળ કરી મૂકી હતી મૃતક દીપક ઈશ્વરભાઈ ખાંટની ઝાડ પર લટકતી લાશ પાસેથી બેગ પણ મળી આવી હતી મોડાસા ટાઉન પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શુક્રવારે બે સ્થળેથી ત્રણ લટકતી લાશો મળી આવવાની ઘટનાથી પોલીસતંત્ર દોડતું થયું હતું આત્મહત્યા કે હત્યા સહીત તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે

# રાજકોટ ડેરી પશુપાલકો આનંદો: કિલો ફેટદીઠ રુ.૯નો વધારો

રાજકોટ,તા.૨૩

રાજકોટ ડેરી દ્વારા પશુપાલકો માટે મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ છે. દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટે રૂપિયા ૧૦નો ભાવવધારો કરવામાં આવ્યો છે. ૧ ઓગસ્ટથી પશુપાલકોને પ્રતિ કિલોએ ૬૮૦ ચૂકવાશે. દૂધમાં ભેળસેળ અને અનિયમિત ૩૯ મંડળીઓને રદ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. આજે રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ૬૧મી વાર્ષિક સાધારણ સભા મળી છે, જેમાં જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૮૪૩ કરોડ થવા પામ્યું છે. ગત વર્ષની સરખામણીએ ૮.૫૯ ટકાનો વધારો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. દૂધ ઉત્પાદક સંઘનો વર્ષ ૨૦૨૦-૨૧નો ચોખ્ખો નફો ૯.૬૧ કરોડ થવા પામ્યો છે. જેના કારણે દૂધ ઉત્પાદકો માટે મોટી જાહેરાત કરાઈ છે. દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટે રૂ.૬ લેખે ૫.૭૩ કરોડ મિલ્ક ફાઈનલ ભાવની રકમ ચુકવવાની જાહેરાત કરાઈ છે.

દૂધ સંઘે સરેરાશ કિલો ફેટનો ભાવ રૂ.૬૬૫ ચૂકવેલ છે. જે ગત વર્ષ કરતા રૂ. ૯ વધારે ચૂકવેલ છે. ૧ ઓગષ્ટથી દૂધ ખરીદ ભાવમાં રૂ. ૧૦નો વધારો કરી રૂ.૬૮૦ ચુકવવાની જાહેરાત કરતા દૂધ ઉત્પાદકોમાં ખુશીની લહેર ફેલાઈ છે. દૂધ ઉત્પાદકો માટે અકસ્માત વિમા પ્રીમિયમ ૧૦૦ ટકા લેખે ૧.૨૯ કરોડ ભોગવેલ છે અને આ વર્ષે પણ અકસ્માત વીમા કવચ ૧૦ લાખનું ચાલુ રાખવાની પણ જાહેરાત કરાઈ છે. સભાસદ મંડળીઓને ૧૫ ટકા લેખે રૂ.૪.૪૨ કરોડ શેર ડિવિડન્ડ ચૂકવવાની જાહેરાત પણ સંઘ દ્વારા કરાઈ છે. દૂધ ઉત્પાદક સંઘ દ્વારા સંઘ અને ફેડરેશનના સંયુક્ત પશુ સંવર્ધન, સારવાર અને માવજત કાર્યક્રમોમાં વાર્ષિક રૂ.૩.૮૪ કરોડનો ખર્ચ થયો હોવાનું જણાવ્યું છે. કેબિનેટ મંત્રી અને સહકારી આગેવાન જયેશ રાદડિયા સાધારણ સભામાં ઉપસ્થિત રહ્યા છે. રાજકોટ જિલ્લા સહકાર દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ગોરધન ધામેલીયા સહિતના ડિરેક્ટરો અને સહકારી આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા છે. કોરોનાને કારણે તમામ દૂધ મંડળીઓના સદસ્યો વર્ચ્યુઅલ હાજરી આપી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.